॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 8 • Issue : 3 • 5th Nov., 2025 • Price : Rs. 10










Pulses




મારે સમાજને ભેઠો કરવો છે
- પૂજ્ય શ્રીમોટા
મિલન
તારીખઃ-



| વર્ષ-૮, અંક-૩ | હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન | નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૫ |
| --- | --- | --- |
| માનદ્ તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ | હરિઃૐ ગુંજન | 'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly) |

૧૯-૯-૧૯૩૯,

## હું તો એક જ વાત જાણું છું-પ્રેમ

દિલનો સદ્ભાવ જ્યાં ઠરે છે ત્યાં ઠરી (જામી) જ જાય છે, એ બીજું કશું જોતો નથી, એવો એનો સહજ સ્વભાવ છે. ત્યાં તમે આમ થઈ જાઓ કે ગમે તે થઈ જાઓ તોપણ તે તો તે જ રૂપે વહેવાનો. 'બીજું' કોણ કેવું છે તે જોવાની એને પરવા નથી હોતી. એવી લક્ષવૃત્તિ જ એમાં નથી હોતી એટલે તે ઉદ્ભવતું જ નથી. તમે જે હો તે ભલે હો, અમારે મન તો હૃદયનાં ને જીવનનાં માસીબા જ છો. જીવનમાં એક એવી માસીબાને પામીને ધન્ય કૃતકૃત્ય બન્યો છું. આજે જે કંઈ છું તે તે એવાં સ્વજનોના હૃદયના ભાવે ચરણકમળ-રજધૂલિપ્રસાદે છું. એ માસીબાનાં સંતાન એને એ રૂપ લેખી શકતાં ન હતાં, તેમનાં બીજાં સગાં પણ એમને એ રીતે પિછાની શકતાં ન હતાં. પણ મને જે રીતે એમણે હૃદયમાં સદ્ભાવ પ્રેર્યો તે તો કદી ભૂંસ્યો ભૂસાય તેમ નથી. તેવી રીતે ભગવાને તમને મેળવ્યાં. કશું મેળવવા, પામવા કે પમાડવાનું તો જાણ્યું નથી, એ વહાલો કરાવે છે તેટલું જ જાણ્યું છે. તે રીતે સર્વ સબંધમાં માત્ર એક હૃદયથી વારી જવાનું એ વર્તાવે છે, એવી હૃદયનિષ્ઠા જામેલી છે અને તે ફાયરપ્રૂફ હવે થઈ છે. એ જ એની જીવતી પ્રત્યક્ષ કૃપા છે, કારણ કે મળેલાં વહાલાંઓએ પણ જીવની કસોટી કરવામાં બાકી રાખી નથી, તાવણી પણ કરાવી છે અને ગોદા પણ માર્યા છે, પરંતુ તેમ છતાં તેમનામાં વહાલાએ એકમાત્ર પ્રેમભાવ જ રહેવા દીધો છે, ને ઊલટું વધારે એવું ગમન કરાવ્યું છે, એ તો એની ખૂબી છે. **— મોટા**

તા. ૧૫-૦૯-૧૯૪૫, સાયલા

## જ્યાં ત્યાંથી પ્રેમાનંદ મેળવો

માનવીજીવનની ધન્યતાની પ્રસાદી જ્યાં ત્યાં અનુભવવામાં જે રસ છે, જે લહેજત છે, જે મીઠાશ છે, તે પણ શ્રીભગવાનનું એક અદ્ભુત પાસું છે. જગતમાં કલહ, ક્લેશ, સંતાપ, કડવાશ ને અનેક પ્રકારની દુર્વૃત્તિ વગેરે ભલે હો, પરંતુ તે તો ભગવાનના આ પ્રેમભાવને માત્ર ઉઠાવ આપવાને એક Background એટલે કે પૃષ્ઠભૂમિ તરીકે છે. ચિત્ર એના સુંદર Background વિના શોભી પણ શકતું નથી ને એનો ઉઠાવ યોગ્ય રીતે થઈ શકતો નથી, એવી રીતે એની પણ અનિવાર્યતા છે. એવા પ્રસંગોમાં જ જીવનનું સાચું હીર, આનંદ, સદ્ભાવ વગેરે કેટલાં જીવતાં બન્યાં છે, તે પારખવાનું પ્રત્યક્ષ માપ શ્રીભગવાને કૃપા કરીને દીધું એ શું ઓછું છે ? શ્રીભગવાન અનેક રીતે આપણને જીવતા કરાવવા, નવી નવી પ્રેરણા પામવા, અનેક પ્રસંગો યોજ્યા કરે છે. આશાનિરાશા એ તો માત્ર પ્રભુભાવની અતુલ અને અપાર સમુદ્ર પરની લહરીઓ છે. સમુદ્રની ગંભીરતા કે મહત્તા તેથી તૂટતી નથી. એ તો અબાધ વહે છે. એટલે જીવનમાં જ્યાં આનંદ લૂંટવાનો હોય, ત્યાં જ પ્રભુજીવન છે ને પ્રભુ છે એવો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ કેળવવાનું શ્રી ગુરુમહારાજે કૃપા કરીને બતાવેલું. એટલે જીવનમાં એ જ દૃઢાવવાનું ને અનુભવવાનું ને તે ભાવે પરિશીલન કર્યા કરવાનું એકમાત્ર વ્રત એણે રખાવ્યું તો રહ્યું. બાકી, પામર માનવીનું શું ગજું ? (જીવન પ્રવેશ, પ્રથમ આ. પૃષ્ઠ ૧૩૯-૧૪૦)

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા પત્ર દ્વારા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ‘શ્રીમદ્ ભગવદ્ગીતાની દૃષ્ટિએ શ્રીમોટાને જીવનમાં થયેલા દૈવી અનુભવોનું આંકલન’ | – શ્રી નરહરિ પુરોહિત | ૫ |
| ૨. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૮મા જન્મદિન ઉત્સવનો સંક્ષિપ્ત અહેવાલ | – રાજેન્દ્ર રાવલ | ૧૦ |
| ૩. | શ્રી કૌશિકભાઈ મહેતા સાહેબનું ઉદ્બોધન | – કૌશિકભાઈ મહેતા | ૧૧ |
| ૪. | સાવધાન ! (હરિગીત) | – શ્રીમોટા | ૧૭ |
| ૫. | બહું થયું (હરિગીત) | – શ્રીમોટા | ૧૭ |
| ૬. | નવા વર્ષે | – શ્રીમોટા | ૧૮ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાનો સ્વજનો પ્રત્યે પોકાર | – મોટા | ૧૯ |
| ૮. | “મૌનમંદિર વિશે થોડુંક” | – રતિલાલ મહેતા | ૨૩ |
| ૯. | ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ | – | ૨૪ |
| ૧૦. | વાર્ષિક સરવૈયું વર્ષ ૨૦૨૪-૨૫ | હરિઃૐ આશ્રમ નડીઆદ | ૨૫ |

**હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

| | | |
|---|---|---|
| એકાઉન્ટનું નામ | : | **હરિઃૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD |
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC કોડ | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

ઓનલાઇનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, સરનામું (પીનકોડ સહિત), મોબાઇલ નંબર, પાનકાર્ડ નંબર** સાથેની જાણ નીચે દર્શાવેલ કોઈપણ એક વ્હોટ્સએપ નંબર ઉપર અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર 10BE સર્ટી આપી શકાશે. **(ઈન્કમટેક્ષ એકટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા જીતેન્દ્રભાઈ અમીન : ૯૪૨૭૦ ૮૩૨૧૬**

**ઉપરોક્ત બેંક એકાઉન્ટ નંબર ઉપર ‘હરિઃૐ ગુંજન’નું લવાજમ પણ મોકલી શકાશે.**

## ૧. 'શ્રીમદ્ ભગવદ્ગીતાની દૃષ્ટિએ શ્રીમોટાને જીવનમાં થયેલા દૈવી અનુભવોનું આંકલન'

– શ્રી નરહરિ પુરોહિત

હરિઃૐ આશ્રમ નડિઆદ તરફથી સંવત ૨૦૨૨માં અંગ્રેજીમાં પ્રકાશિત થયેલ પુસ્તક "Revelation of Pujya Shree Mota (પૂજ્ય શ્રીમોટાનું દર્શન), તેમનું જીવન અને દૈવી અનુભવો" પ્રકરણ ૧૪માં પૂર્તિ તરીકે દર્શાવેલ છે. "શ્રીમદ ભગવદ્ગીતાની દૃષ્ટિએ, શ્રીમોટાને તેમના જીવનમાં થયેલ દૈવી અનુભવોના આંકલન"નો અંગ્રેજી પરથી ગુજરાતી અનુવાદ.

**પ્રસ્તાવના :**

ઉપરોક્ત પુસ્તક "પૂજ્ય શ્રીમોટાનું દર્શન, તેમનું જીવન અને કાર્ય"ની પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે તેના પ્રકરણ નં. ૧૪માં પૂર્તિ તરીકે અંગ્રેજીમાં પ્રકાશિત થવા માટે હું હરિઃૐ આશ્રમ ટ્રસ્ટના તત્કાલીન પ્રમુખ ડૉ. શ્રી ગૌતમભાઈ પટેલનો આભારી છું. તેઓએ તેને સંપૂર્ણરીતે તપાસ્યા બાદ તે યોગ્ય લાગવાથી, મને તેનો ઉપરોક્ત પુસ્તકની પ્રકરણ નં. ૧૪માં પૂર્તિ તરીકે સમાવેશ કરવાનો અનુરોધ કર્યો અને તે પ્રકાશિત થયું.

સંવત ૨૦૨૨માં અંગ્રેજીમાં ઉપરોક્ત પુસ્તક પ્રકાશિત થયા બાદ મને ફેબ્રુઆરી, સંવત ૨૦૨૪માં કમરની નીચેના હાડકાનું અચાનક ફ્રેક્ચર થયું. જેના ઓપરેશન પછી ઘણા સમય સુધી (આશરે ૯ થી ૧૦ માસ) માટે મારે પથારીવશ રહેવું પડ્યું. ત્યારબાદ વોકર અને લાકડીના ટેકાથી ચાલતો થયો, ત્યારબાદ જ્યારે હરિઃૐ આશ્રમના ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રભાઈ મળવા આવ્યા, ત્યારે તેઓએ સૂચન કર્યું કે જો મારાથી બની શકે તો અંગ્રેજીમાં પ્રકાશિત થયેલ ઉપરોક્ત પુસ્તકમાં પૂર્તિ તરીકે પ્રકરણ નં. ૧૪માં સમાવેશ કરેલ "શ્રીમોટાનું ભગવદ્ગીતાની દૃષ્ટિએ જે આંકલન થયું છે" તેનો ગુજરાતીમાં અનુવાદ કરવો. તેમની ઇચ્છા છે કે તેઓ આશ્રમ તરફથી પ્રકાશિત થતા હરિઃૐ ગુંજનમાં તે પ્રકાશિત કરી શકે. ત્યારબાદ ઘણા સમય પછી મારી અનુકૂળતાએ તેનો ગુજરાતીમાં અનુવાદ કરવાનું શરૂ કર્યું, અને તે આશરે એકથી બે મહિનામાં પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદથી કરી શકાયું. આ માટે હું હરિઃૐ આશ્રમના ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રભાઈ રાવલનો હૃદયપૂર્વક આભાર માનું છું.

પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદ, હરિઃૐ અને જય શ્રીકૃષ્ણ સહ,

**અમદાવાદ ૬-૯-૨૦૨૫** **નરહરિ પુરોહિત**

મને સોંપવામાં આવેલ 'પૂજ્ય શ્રીમોટા - જીવન અને કાર્ય'ના (ગુજરાતી) પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરતાં મને શ્રીમોટાના જીવનનાં અનેક પાસાંઓ અને તેઓ જે દૈવી (ચમત્કારી) અનુભવોમાંથી પસાર થયા, તેમજ વધુમાં, તેઓના (કૃષ્ણ પરમાત્માના) દ્વૈત (સાકાર) તથા અદ્વૈત (નિરાકાર)ના સાક્ષાત્કારના અનુભવોની જાણ થઈ. તેથી કૃષ્ણ પરમાત્માનો ખંતીલો ભક્ત હોઈ, તેમજ તેમનો સનાતન ધર્મ અંગેનો શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ જોઈ, મને શ્રીમોટાના જીવનનું ભગવદ્ગીતાની દૃષ્ટિએ આંકલન કરવાનો વિચાર આવ્યો. તેથી શ્રીમોટાની જિંદગીનું નીચે જણાવ્યા મુજબ વર્ગીકરણ કરવાનો મેં નિર્ણય કર્યો :

૧. પૂર્ણ શિષ્ય તેમજ પોતે જ એક ગુરુ.
૨. પૂર્ણ જ્ઞાની-ભક્ત.
૩. કર્મયોગી (કાર્ય-ફરજમાં ખંતપૂર્વક કાર્યરત).
૪. સંન્યાસી તેમજ એક ત્યાગી.
૫. આત્મસાક્ષાત્કારી આત્મા (જીવન-મુક્ત આત્મા); અને
૬. અવધૂત.

**૧. પૂર્ણ શિષ્ય તેમજ પોતે જ ગુરુ**

**સૂચિ**(૭) 'સદ્‌ગુરુ'માં જીવનદર્શન પાના નં. ૩૯૨માં શ્રીમોટા જણાવે છે કે તેઓને આધ્યાત્મિક માર્ગમાં જવા માટે જીવનની શરૂઆતમાં, તેમના મનમાં કોઈપણ પ્રકારની જિજ્ઞાસા કે તમન્ના નહોતી, જેથી તેઓ દેશના સેવકની ધૂનમાંથી સાધનાના ક્ષેત્રમાં આધ્યાત્મિક માર્ગ અનુસરે. તેઓને તે ધૂનમાંથી વાળવા માટે શ્રીકેશવાનંદજી, 'ધૂણીવાળા દાદાજી' તેઓના ખરા ગુરુ હતા. તેઓના ગુરુ 'ધૂણીવાળા દાદાજી'ની ઈચ્છાથી શ્રી બાળયોગીએ શ્રીમોટાને સાધનાના માર્ગે જવા શરૂઆત કરાવી. 'જીવન દર્શન પાના નં.૨૧૬ થી ૨૨૦માં તેઓએ પોતાની ગુરુ પ્રત્યે સંપૂર્ણ ભક્તિ દર્શાવેલ છે, જ્યારે તેઓ જણાવે છે કે ઈશ્વર કૃપાએ મારા હૃદયમાં હું તેઓને ભક્તિપૂર્વકની લાગણી હંમેશાં અનુભવતો અને તેઓની મદદ અને પ્રેરણા મેળવતો.'' શ્રીમોટાનું તેમના ગુરુ પ્રત્યેનું અવલંબન એટલું સંપૂર્ણ હતું કે જે ''આધ્યાત્મિક ક્ષેત્રમાં કોઈ અજબ ઘટના હોય.''

આમ શ્રીમોટાએ પોતાની જાતને પોતાના ગુરુને સંપૂર્ણપણે સમર્પિત કરી હતી, જેમ શ્રીકૃષ્ણે અર્જુનને તેની જાતને (પોતાને) સમર્પિત કરવા કહ્યું હતું. (ભ.ગી.અ.૧૮/શ્લોક ૬૬)

**સર્વધર્માનપરિત્યજય મામેકમ્ શરણમ્ વ્રજ ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥**

**અર્થઃ** સર્વ ધર્મો (ફરજો) છોડી તું મને એકને જ શરણે આવ. હું તને સર્વ પાપોથી મુક્તિ આપીશ. (માટે) શોક ન કરીશ. ''મોટા અને સ્વજન' (૧૧)માં શ્રીમોટા તેઓના અનુયાયીઓ (ભક્તો)ને જણાવે છે કે, 'જે જે સ્વજનો આધ્યાત્મિક વિકાસના હેતુ અર્થે આપમેળે મારી કને આવેલા છે તેમને મારી પ્રાર્થના છે કે, 'કૃપા કરીને તમારા વર્તનથી એવું જીવતું જાગતું ભાન પ્રગટાવતા રહેજો, જેથી મને સંતોષ થાય. જીવનમાં યદ્વા તદ્વા જીવીને પછી તમે મારી આગળ ભગવાનની કૃપાનું નામ લેશો તો હું સહન કરીશ નહિ. કૃપા કરીને તમને બધાંને પ્રાર્થના છે કે, જે જે કર્મ મળેલું છે, તેમાં વ્યવસ્થા, ખંત, ઉત્સાહ, હિંમત, ધીરજ, સહનશક્તિ વગેરે રાખો જેથી તમારી મને મળવાની ઈચ્છાની સાર્થકતા થાય.''

**૨. પૂર્ણ જ્ઞાની-ભક્ત**

**સૂચિ નં.** ૪ 'હરિને ભજતાં'માં શ્રીમોટા જણાવે છે, ''જ્યારે મને ફેફરુનો રોગ થયો હતો, ત્યારે થોડા દિવસ માટે આરામ લેવાના નિમિત્તે રજા લખીને. બે વાર નર્મદા તટે ગયો હતો.'' જ્યારે બીજી વાર તેઓ એકલા ગયા, ત્યારે રણછોડજીના મંદિરમાં રહ્યા હતા. ત્યાં એક સાધુ મહારાજ રહેતા હતા, તેમને મળ્યા હતા. શ્રીમોટા તેઓની સેવા કરતા, તે સમય દરમિયાન તે રોગ (ફેફરુ)નો ત્રણ ચાર વાર હુમલો થયો હતો. ત્યાંથી નિકળતી વખતે તેઓએ સાધુ મહારાજના આશીર્વાદ માગ્યા. તે સાધુ મહારાજે **''મને સતત હરિઃૐ (ભગવાનનું નામ) સ્મરણ કરવાનું કહ્યું હતું''** અને તેઓએ જણાવ્યું કે, તેનું સ્મરણ કરવાથી (ફેફરુનો) રોગ મટી જશે. જોકે જ્યાં સુધી શ્રીમોટા પોતાની આધ્યાત્મિક માતાને મળવા વડોદરા ગયા અને ત્યાં તેઓને ઘેર રોગને લીધે દાદરા ઉપરથી પડ્યા, ત્યારે તે બન્યું. શ્રીમોટા જ્યારે ઘસરકાઓથી સાજા થયા, ત્યારે તેને (માતાને) પોતાના સાધુને મળવા વિશેની સઘળી વાત કરી. તેમની આધ્યાત્મિક માતાએ ત્યારે કહ્યું ''ઓ ચુનીયા ! (શ્રીમોટા) તું ઘણો ભાગ્યશાળી છું; હવે તું ઉઠતાં, બેસતાં, ખાતાં-પીતાં તેમજ બધાં કાર્ય કરતાં, હરિઃૐ જપ્યા કર. તું રોગથી ચોક્કસ મુક્ત (સાજો) થશે.'' ત્યારબાદ શ્રીમોટા આ રોગમાંથી સાજા થયા.

ભગવદ્‌ગીતાના અ.૮/શ્લોક ૭માં કૃષ્ણ પરમાત્મા જણાવે છે કે,

**તસ્માદ્‌સર્વેષુ કાલેષુ મામ-અનુસ્વર યુદ્ધ ચ ।**
**જાય્ય-અર્પિત મનો-બુદ્ધિમોનેવ એષ્યસી સંશયમ્ ॥**

**અર્થ :** ''તું હરસમય મારું સ્મરણ કરતાં યુદ્ધ (તારું કર્તવ્ય) કર. મારામાં મન અને બુદ્ધિ રાખવાથી તું મને જ પામીશ, એમાં સંશય નથી.''

જીવન પ્રેરણા પાના નં. ૧૬૬/૧૬૭માં શ્રીમોટા

કહે છે, "મનુષ્ય જે જે ભક્તિથી અને જે જે પ્રસંગે દયાળુ પરમાત્માને મન અને હૃદયથી ભજે તેને પરમાત્મા તે જ પ્રકારે યોગ (અપ્રાપ્તિની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્તિનું રક્ષણ) કરે છે, જો તે સ્મરણ, મન અને હૃદયમાં સંપૂર્ણપણે દૃઢ (સ્થિત) થાય ત્યારે આત્મા (ચેતના) તરત જ પ્રગટ થાય (દેખાય). ભગવદ્‌ગીતામાં કૃષ્ણ પરમાત્મા જણાવે છે.

**"યે યથા મામ પ્રપદ્યન્તે, તાન્સતથૈવ ભજામ્યહમ્;**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥**

(ભ.ગી. અ. ૪/શ્લોક ૧૧)

**અર્થ :** (મનુષ્ય) જે જે પ્રકારે મારે શરણે આવે તેને હું તે જ પ્રકારે સ્વીકારું છું. હે પાર્થ ! (અર્જુન) ! મનુષ્ય દરેક પ્રકારે મારા માર્ગને અનુસરે છે. તેમજ

**અનન્યાશ્ચિન્તયન્તો મામ્ યે જનાઃ પર્યુપાસતે;**
**તેષાં નિત્યાભિમુક્તાનાં યોગ ક્ષેમં વહામ્યહમ્ ॥**

(ભ.ગી. અ. ૯/શ્લોક ૨૨)

**અર્થ :** જે મને અનન્ય ભક્તિથી ભજે છે અને મારા પરાયણ રહે છે તેના યોગ (અપ્રાપ્તિની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્તિનું રક્ષણ) હું કરું છું.

**સૂચિ નં.** ૪ 'હરિને ભજતાં'ના ભાગ-૨માં જણાવ્યું છે કે, શ્રીમોટાને સર્પદંશ બાદ ગાંધીજીનું વચન યાદ આવતાં તેઓ ભગવાનનું નામસ્મરણ સતત અને જોરશોરથી (મોટેથી) કરવા લાગ્યા, જેથી તેઓ બેભાન ન થાય; અને તે (તેમના) અંતરમાં એવી રીતે સતત રહ્યું, જે કાયમ માટે અજપા-જપ તરીકે દૃઢ (સ્થિત) રહ્યું. આથી તે આશીર્વાદરૂપ પ્રસંગ એવો બન્યો કે, જે ઘણી મુશ્કેલીથી થઈ શકે, તે કુદરતી રીતે અને સહેલાઈથી થવા લાગ્યું, અને તેઓએ તેમાં ઈશ્વરની કૃપા અનુભવી.

### ૩ કર્મયોગી

**સૂચિ નં. ૩ :** 'જીવન સંઘર્ષ'માં ઘણી આર્થિક તંગીને લીધે જ્યારે કુટુંબની ખૂબજ મુશ્કેલ સ્થિતિમાં કમાવાની તીવ્ર લાલચમાં જવાનું ન બને એટલા માટે, હાથમાં ગંગાજળ લઈને સોગંદ લેવાનો (શ્રીમોટાએ) નિર્ણય લીધો, **"હું મારી જાતને દેશની સેવામાં જ સમર્પિત કરીશ."** આથી તેઓના મનમાં ક્યારેય અસંતોષ કે, દોષિત થવાની લાગણી ન હતી. હરિજન સેવક સંઘમાં, શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સાથે શ્રીમોટા સઘળું કામ જેવું કે, "તે વખતે સ્થાપવામાં આવેલ સઘળા હરિજન આશ્રમોને પૈસા મોકલવા, અને તેનો હિસાબ રાખવો, આવી બીજી સંસ્થાઓ સાથે પત્ર વ્યવહાર કરવો, તેમજ નડિઆદમાં સ્થાપિત હરિજન આશ્રમનો વહીવટ સંભાળવો, તે ઉપરાંત, ગુજરાત વિદ્યાપીઠ દ્વારા સ્થાપિત હરિજન માટેની શાળાનું કાર્ય સંભાળવું વગેરે." જે ઘણી જ માનસિક તાણ તથા વ્યથા હેઠળ થયું હોવાથી, તેઓને ફેફરુનો રોગ થયો. ઘણો વખત સાયકલ ઉપર અવર જવર કરતાં, શ્રીમોટા ભારે ધડાકા સાથે જમીન પર પડતા, પણ બચી જતા. ત્યારબાદ તેઓએ કબૂલ કર્યું કે, **"સર્વ શક્તિમાન પરમાત્મા ત્યારે કાળજી લેતા, અને હવે પણ લે છે."**

કૃષ્ણ પરમાત્મા ભ.ગી. અ. ૩/શ્લોક ૧૯માં જણાવે છે કે,

**તસ્માદ અસક્તઃ સતતમ્ કાર્યમ્ કર્મ સમાચર ।**
**અસક્તો હ્યાચરણકર્મ પરમાપ્નોતિ પૂરુષઃ ॥**

**અર્થ :** આસક્તિ વિના સતત તારું કર્તવ્ય (કર્મ-ફરજ) સારી રીતે કરતો રહે, કેમકે આસક્તિ રહિત કર્મ કરતો મનુષ્ય પરમાત્માને પામે છે.

### ૪. સંન્યાસી તથા ત્યાગી

શ્રીકૃષ્ણ પરમાત્માએ સંન્યાસી વિશે જણાવ્યું છે,

**જ્ઞેયઃ સ નિત્યસન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ ।**
**નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખમ્ બન્ધાત્ પ્રમુચ્યતે ॥**

(ભ.ગી.અ. ૫/શ્લોક ૩)

**અર્થ :** જે કોઈનો દ્વેષ કરતો નથી કે, કોઈ અપેક્ષા રાખતો નથી તે હંમેશાં સંન્યાસી જ છે. હે મહાબાહો (અર્જુન) તે (આ સંસારના) દ્વન્દ્વ રહિત

થઈ (કર્મ) બંધનથી સુખપૂર્વક મુક્ત થાય છે.''

શ્રીકૃષ્ણ પરમાત્મા વળી સન્યાસીની વ્યાખ્યા કરતાં જણાવે છે,

**અનાશ્રિતઃ કર્મફલમ્ કાર્યમ્ કર્મ કરોતિ યઃ ।**
**સ સન્યાસી ચ યોગી ચ ન નિરર્ગ્નિન ન ચાક્રિયઃ ॥**

(ભ.ગી.અ. ૬/શ્લોક ૧)

**અર્થ :** કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે, કર્મફળનો આધાર (અપેક્ષા) રાખ્યા વિના જે કર્તવ્ય કર્મ (ફરજ) કરે છે, તે જ સન્યાસી, અને તે જ યોગી છે; નહિ કે જે અગ્નિ પ્રગટાવતો નથી, કે કર્તવ્ય કર્મ કરતો નથી, આમ ભગવદ્‌ગીતાની દૃષ્ટિએ આંકલન કરતાં શ્રીમોટા ખરેખર એક સંન્યાસી અને એક યોગી હતા.

**સૂચિ નં. ૨** ''ગાંધી માર્ગે''ના જીવન પોકારના પાના નં. ૨૦૨ હેઠળ, શ્રીમોટા જણાવે છે, ''જોકે તેઓને ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મળ્યો, છતાં પોતાના નિર્વાહ માટે, તેમને નવજીવન સાપ્તાહિક વેચવું પડ્યું, તેમજ કેટલાક દિવસો સુધી તેઓ એક ટંક ભોજન કરતા.'' અમદાવાદમાં પોતાના સંબંધીઓ, જ્યાં તેઓ ભોજન લઈ શકે તેમ હોવા છતાં તેઓને એક ફાકો ચણા અને મમરા ખાઈને રહેવું પડતું.

સૂચિ નં. ૯ ''નિષ્કામ કર્મ''માં શ્રી મોટા જણાવે છે કે, તેઓને કુટુંબના ઘણા સભ્યોને પોષવાના હોવા છતાં, પોતાની મરજીથી ઓછો પગાર સ્વીકાર્યો હતો, તેમજ તેઓને કોઈ આકાંક્ષા નહોતી, કે કોઈ તેમના કામની કદર કરે. તેઓ જણાવે છે કે, **''જે અનુભવી છે, તેણે ગમે તેવી કઠણાઈઓ કે મુશ્કેલીઓનો સામનો કરવો પડે, છતાં પોતાનું કર્તવ્ય કર્મ સારીરીતે નિભાવવું જોઈએ, કારણ કે તે કોઈપણ વસ્તુ (સ્થિતિ)થી અલગ રહી શકે નહિ.''**

કૃષ્ણ પરમાત્મા ભ.ગી. અ. ૧૮/શ્લોક ૧૧માં જણાવે છે કે,

**ન હિ દેહભૃતા શક્યમ્ ત્યક્તુમ્ કર્માણિ અશેષતઃ ।**
**યસ્તુ કર્મફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે ॥**

**અર્થ :** દેહધારીએ (મનુષ્યે) પોતાની પ્રવૃત્તિઓ (કર્તવ્યો-ફરજો) સંપૂર્ણપણે છોડી દેવાં (ત્યાગવાં) ખરેખર મુશ્કેલ છે, પરંતુ જે કર્મફળનો ત્યાગ કરે છે તે જ ખરો ત્યાગી છે.''

**૫. આત્મસાક્ષાત્કારી (જીવનમુક્ત) આત્મા**

**સૂચિ નં. ૮** ''સાક્ષાત્કાર''માં શ્રીમોટા જણાવે છે કે, સાધનાની આગવી કક્ષા (શરૂઆત)માં, જ્યારે અજપાજપ થતા, ત્યારે મનને આંતરિક રીતે સ્પષ્ટપણે સંભળાતા, અને તે સર્પદંશ પછી, એટલે કે ઘણું ખરું ૧૯૨૫ પછીથી શરૂ થયેલ.'' જ્યારે ગુજરાત હરિજન સેવક સંઘની ઑફિસનું, ભાવનાના પ્રાબલ્યને લઈને સતત ૧૨ કલાક કામ કરતો. ત્યારબાદ, ભૂખ, તરસ, શૌચ, ઇચ્છા આદિ ઉપર પૂર્ણ કાબૂ આવ્યા પછી ૧૯૩૦માં નિરવતા થયા પછી, શ્રીમોટાને દ્વૈતનો (સાકાર બ્રહ્મ-પરમાત્માનો) ૧૯૩૪માં સાક્ષાત્કાર થયો, જેનું વર્ણન સુંદર અને સ્પષ્ટપણે કર્યું છે, જે મોરલીધર તરીકે દેખાય તેવું, તેમજ પંચ મહાભૂતનું નહિ પરંતુ પરોક્ષ (પરા) પ્રકૃતિનું હતું, અને છતાં તે કૃષ્ણ પરમાત્માનું દર્શન પરમ સૌંદર્ય શરીર જેવું, અનંત તેજથી ઊભરાતું હતું. શ્રીમોટાએ આ પ્રકરણમાં કૃષ્ણ પરમાત્માના સ્વરૂપનું ખૂબ જ સુંદર રીતે વર્ણન કર્યું છે. ત્યારબાદ, પાંચ વર્ષ પછી તા. ૨૯-૩-૧૯૩૯ના રોજ શ્રીમોટાને સાંઈબાબાએ જણાવ્યા પ્રમાણે, ધ્યાનના પ્રયોગની શરૂઆત કરતાં, અદ્વૈત (નિરાકાર બ્રહ્મ પરમાત્મા)નો અનુભવ થયો. પછી તેઓએ અનુભવવા માંડ્યું કે તેઓનું શરીર, મન અને બીજી ઇન્દ્રિયો તેઓથી (આત્માથી) જુદી છે, અને તેમને પોતાના મસ્તકના મધ્ય ભાગમાંથી પ્રવાહિત થતી તીવ્ર ગરમીનો અસહ્ય દઝાડતો, તેમને બેભાન થયાનો અનુભવ થયો. તેઓનું આખું શરીર અગ્નિની માફક ગરમ થઈ ગયું, અને તેઓની જીભ અને પેટની નીચેનું ગુપ્તાંગ પૂરેપુરું બળી ગયું, જેની અસર ૨ દિવસ સુધી રહી. ત્યાબાદ તેઓને ભક્તિમાં પૂર્ણ રીતે મગ્ન થયાનો અનુભવ થયો, જે અંતરમાં ગંગાના જેવો પ્રવાહિત રહ્યો. આમ તેઓને 'ભક્તિ

તથા આનંદ'નો સમુદ્રના તરંગોની જેમ, આખા શરીરમાં અવર્ણનીય અનુભવ થયો.

(જીવન સંશોધન - પાના નં. ૩-૪-૫)

ભગવદ્‌ગીતામાં કૃષ્ણ પરમાત્મા અ. ૫/શ્લોક ૧૯માં જણાવે છે કે,

**ઈહૈવ તૈર્જિતઃ સર્ગો યેષામ્ સામ્યે સ્થિતમ્ મનઃ ।**
**નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥**

**અર્થ :** જેમનું મન આવાં સમભાવમાં સ્થિત થયું છે, તેમણે અહીં જ સંસાર જીત્યો છે, કારણ કે બ્રહ્મ નિર્દોષ અને સમાન છે, તેથી તેવા સમદર્શી મનુષ્યો બ્રહ્મમાંજ રહેલા છે.

**૬. અવધૂત**

**સૂચિ નં. ૫** ''સાધના''માં શ્રીમોટા કહે છે કે, તેઓ સાધનામાં પ્રવૃત્ત હોવાથી ભાગ્યે જ ઘરે સૂઈ જતા. તેઓ હંમેશાં સ્મશાનમાં, કે જે જગ્યા રહેવા માટે ભયાનક લાગે, કે તેઓ જ્યાં ભય અનુભવાય ત્યાં સૂઈ જતા. તેઓ સભાનપણે પ્રયત્ન કરતા કે જ્યાં સાપનો ભય હોય, કે વાઘ કે સિંહનો ભય હોય, ત્યાં રાત્રિ પસાર કરતા. વળી તેઓ જણાવે છે કે, સમાજથી દૂર એકાંતમાં, જ્યાં સાધનામાં પ્રવૃત્ત રહેવાય તેવી જગ્યામાં રહેતા. વધુમાં તેઓ જણાવે છે કે, એવું નથી કે શરૂઆતમાં તેમને ભય ન લાગતો હોય, પરંતુ તેવા પ્રસંગમાં તેઓ ઈશ્વરના નામનું સ્મરણ કરતા, તેમજ ઈશ્વરને પ્રાર્થના કરતા. તેઓ કહે છે કે, **''વારસાગત વહેમને લીધે ભય લાગે છે, અને તે દૂર કરવામાં આવે તો કોઈ ભય રહે નહિ.''**

શ્રીમોટા એક પ્રસંગનું વર્ણન કરે છે કે, તેઓ મધ્યપ્રદેશના જબલપુરમાં નર્મદા તટે આવેલ ધુંવાધાર નામની જગ્યાએ ગયા હતા. તે ધુંવાધાર પાણીના ધોધની ડાબી બાજુએ એક ગુફા હતી. તેઓને અંતરમાંથી આદેશ થયો કે, તેઓએ સાધના માટે ત્યાં બેસવું. ત્યાં તેઓ ભોજન વિના ૫ થી ૬ દિવસ રહેલા. કેટલાક લોકો તેમને ભોજન ભરેલાં વાસણ (ડબ્બા) દોરડાથી બાંધીને, ઉછાળીને તેઓના હાથમાં આવે, તે રીતે આપી દે, તેમજ તેઓને પોતાના પેશાબ તથા મળ-જાજરૂ ત્યાં જ કરવાં પડતાં.

શ્રીમોટા વળી એક પ્રસંગ અંગે જણાવે છે, જ્યારે હરિજન સેવક સંઘમાંથી રજા લઈ સાધના માટે મધ્યપ્રદેશ ગયા હતા, ત્યાં ૨૪ કે ૨૫ દિવસ પાણી કે કંઈ પણ લીધા વિના રહેવાનું થયું અને ત્યારે તેઓને પોતાનો મળ ખાવો પડ્યો, અને પેશાબ પીવો પડ્યો. સાધનામાં તેઓની અદમ્ય શ્રદ્ધાને લીધે તે શક્ય બની શક્યું. તેઓ જણાવે છે કે, આવી પ્રવૃત્તિ ભિક્ષુક કે કાળો જાદુ કરનાર (અઘોરી) કરે છે. જોકે તેઓ જણાવે છે કે, આવી પ્રવૃત્તિ કરવી જરૂરી નથી; પરંતુ તેઓએ પોતાની મરજીથી તેમ કરવાનું વિચાર્યું હતું. ચિત્રકૂટમાં એક વિદ્વાન બ્રાહ્મણ (પંડિત) જેઓ સ્મશાનમાં કાળો જાદુ કરવાનું કરતા હતા, તેઓએ તેમને ભૂતો-પ્રેતાત્માઓનો અનુભવ કરાવ્યો. શ્રીમોટાએ કરાંચીમાં રોજા (મુસલમાનોના ઉપવાસના દિવસો)નું પાલન કર્યું હતું.

અંતમાં હું કહેવા માંગુ છું કે, દરેક શીર્ષક હેઠળ જણાવેલ કેટલાક અગત્યના બનાવો જ અહીં પ્રદર્શિત કર્યા છે. જો કે શ્રીમોટાના જીવનમાં આવા અસંખ્ય બનાવો છે. જે આ પુસ્તકમાં છે.

શ્રીમોટાએ પરબ્રહ્મ પરમાત્માનો અદ્વૈત (નિરાકાર બ્રહ્મ)નો સાક્ષાત્કાર કર્યો હતો, તે આધ્યાત્મ માર્ગની અંતિમ દશા (સ્થિતિ) છે, અને તે ઈશ્વરકૃપાથી જ મેળવી શકાય. ત્યારબાદ પરમાત્મા પામવાનાં સાધનો, જેવાં કે, સાધના વગેરેની કોઈ જરૂર રહે નહિ.

કૃષ્ણ પરમાત્મા ભગવદ્‌ગીતાના અ. ૬/શ્લોક ૩માં જણાવેલ છે,

**આરૂરુક્ષોર્મુને યોગમ્ કર્મ કારણમુચ્યતે ।**
**યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણમુચ્યતે ॥**

**અર્થ :** યોગારૂઢ થવા મુનિ માટે કર્મ (સાધના વગેરે) કારણ છે; જ્યારે યોગારૂઢ થયેલા મુનિ માટે શમ (ઈચ્છાઓનું શમન) કારણ કહેવામાં આવે છે.

**અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર**

## ૨. પૂજ્ય શ્રીમોટાના ૧૨૮મા જન્મદિન ઉત્સવનો સંક્ષિપ્ત અહેવાલ. ઉત્સવ તા. ૧૩-૦૯-૨૦૨૫ શનિવાર, અને ૧૪-૦૯-૨૦૨૫ રવિવાર

વ્હાલા આત્મીય સ્વજનો,

પૂજ્ય શ્રીમોટાના ૧૨૮માં જન્મદિન ઉત્સવની તૈયારી યજમાન તેમજ આશ્રમ તથા નરોડાના સ્વજનો દ્વારા ઘણા સમયથી શરૂ કરેલી, કે જેથી પૂજ્ય શ્રીના સ્વજનો ઉત્સવમાં આવે ત્યારે તેઓ સુચારૂ વ્યવસ્થાના ભાગરૂપે ખૂબજ આનંદથી અને મુશ્કેલી વગર સહભાગી થઈ શકે અને ઉત્સવ પૂરા હૃદયથી ભાવવિભોર થઈને માણી શકે. આમ ખૂબજ અગાઉથી, ચીવટપૂર્વક બહારગામથી આવનાર સ્વજનો માટે ઉતારાની વ્યવસ્થા, સંગીત મંડળી અને આવી બીજી અનેક નાનીમોટી જરૂરિયાતોની કાળજી લઈને ઉત્સવ ઊજવવાની રૂપરેખા તૈયાર કરવામાં આવેલી. ઉત્સવના યજમાનશ્રી દ્વારા તૈયારી કરવા માટે ખૂબજ ઉમદા સહયોગ અને ઉત્સવ માણવાની મજાના ભાગ રૂપે કશું જ કરવાનું બાકી રહેવા દીધેલ નહિં. બહારગામના તેમજ નરોડા, અમદાવાદના સ્વજનો તેમજ યજમાનશ્રીના સગાં-સંબંધીઓ સમયથી પહેલા ઉપસ્થિત થઈ ગયેલ હતા.

તા. ૧૩-૦૯-૨૦૨૫, શનિવારના બપોરના ૪:૦૦ વાગે પૂજ્ય શ્રીમોટાનું સામૈયું નિશ્ચિત સમયે કરવામાં આવ્યું. ઢોલ નગારાના તાલે સ્વજનો ઝુમતા ઝુમતા, પૂજ્યશ્રીને, હાથોહાથ પકડીને ખૂબજ ઉત્સાહથી અને હૃદયની પ્રેમોર્મિથી હૉલમાં નિશ્ચિત લાવવામાં આવ્યા ત્યારબાદ લવાછા મંડળના ભાવિક યુવાનોએ હૃદયના ભાવથી હરિઃૐ ધૂન તેમજ ભજનો ગાયા. સાથોસાથ હરિઃૐ આશ્રમના ટ્રસ્ટીશ્રી મંગેશભાઈએ પણ હૃદયના ભાવથી હરિઃૐ ધૂન કરાવી. તેમને સાથ આપવા માટે નરોડાના સ્વજન શ્રી રજનીભાઈ જાની તેમજ રવિભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રવિભાઈ ઠક્કર દ્વારા પણ ખૂબ જ મજાના ભજનો ગાવામાં આવ્યા અને હાજર સ્વજનોને લવાછા મંડળ અને શ્રી રવિભાઈ ઠક્કરની સાથે સ્વજનોને ગરબે ઝુમવા માટે ખૂબજ મજા આવી. અને બરાબર ૭-૩૦ વાગે અનિચ્છાએ પણ વિરામ આપીને સૌ સ્વજનો પૂજ્યશ્રીનો પ્રસાદ લેવા માટે જવું પડ્યું. સૌ સ્વજનોએ પૂજ્યશ્રીના પ્રસાદની મજા માણી.

તા ૧૪-૦૯-૨૦૨૫ને રવિવારના સવારના ચા-નાસ્તો કરીને હોલમાં નિશ્ચિત સમય પહેલાં પોતાની જગ્યા સંભાળી લીધી. ઘડિયાળના ટકોરે ૭-૩૦ વાગે ગણપતિ પૂજન અને સરસ્વતી વંદનાની સ્તુતિ સાથે દિપપ્રાગટ્ય યજમાનશ્રી તેમજ બંને આશ્રમના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું.

પલ્લવીબેન અને તેમની દીકરી નમ્રતા સોની તથા અન્ય ગાયકવૃંદ અને સાજીંદાઓ સાથે પ્રાર્થના, મોટાચરણે, પૂજ્ય શ્રીમોટાનું જન્મદિન મંગલાષ્ટક અને ભજનોનો રસથાળ પીરસવામાં આવ્યો. જેમાં સ્વજનો ભાવવિભોર બની ગયા.

બપોરના ૧૧-૧૫ સ્વજનશ્રી દ્વારા આમંત્રિત પૂજ્ય શ્રીમોટાના લખાણો ઉપરથી મહાનિબંધ લખીને પીએચ.ડી.ની ડિગ્રી મેળવેલ એવા પૂજ્યશ્રીના સ્વજનશ્રી કૌશિકભાઈ મહેતા-પીએચ.ડી., રહેવાસી અમદાવાદ પોતે જે અનુભવ્યું તેની વિશદ છણાવટ કરી તેઓના ઉદ્‌બોધનમાં કરી જે આ સાથે અલગ લેખ દ્વારા રજૂ કરેલ છે.

માનનીયશ્રી કૌશિકભાઈ મહેતાના ઉદ્‌ગારો હૃદયમાંથી આવતા હોય તેવું સ્વજનો દ્વારા મહેસુસ થયું. અને તેઓને તાળીઓના ગડગડાટ સાથે બિરદાવવામાં આવ્યા. તેઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહી પૂજ્યશ્રીની ભાવના વ્યક્ત કરી તે બદલ આભાર માનવામાં આવ્યો.

ત્યારબાદ યજમાન સદ્ગત રમેશચંદ્ર ભટ્ટ તથા સદ્ગત હર્ષીદાબેન રમેશચંદ્ર ભટ્ટના વતી શ્રી અલ્કેશભાઈ ભટ્ટ તથા સમગ્ર પરિવાર દ્વારા હરિઃૐ આશ્રમ નડિયાદ, સુરતના ટ્રસ્ટીગણ દ્વારા બહુમાન કરવામાં આવ્યું અને આભાર વ્યક્ત કરવામાં આવ્યો. તેમજ ઉત્સવની યાદગીરીરૂપે યજમાનને પૂજ્ય શ્રીમોટાના ફોટાની પ્રતિકૃતિ સ્મૃતિ આપવામાં આવી.

ઉત્સવમાં નામી-અનામી સ્વજનો અને શ્રી રાજપૂત વિદ્યાસભા ગુજરાતના ટ્રસ્ટીગણ તેમજ હોલને ફૂલોથી શણગારનાર ભાઈઓ તથા સમગ્ર સ્ટાફનો આભાર માનવામાં આવ્યો.

ઉત્સવમાં ખાસ આભાર નરોડાના સક્રિય સ્વજનો કે જેમણે ઉત્સવની ઊજવણી ખૂબજ સારી રીતે થાય તેના માટેની જે ઉમદા કામગીરી કરીને શ્રમદાન કર્યું તે બદલ તેઓના હૃદયથી ઋણી છીએ. શ્રી સુરેશભાઈ વોરા દ્વારા કાર્યક્રમનું ખૂબજ સરસ સંચાલન કરવા બદલ પણ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.

ઉત્સવ માટે આશ્રમના કર્મચારીગણે પૂજ્યશ્રીના પુસ્તકો તેમજ તેને આનુસંગિક કામગીરી કરી તે બદલ આશ્રમ તથા યજમાનશ્રી આભારની લાગણી વ્યક્ત કરે છે.

ઉત્સવના પ્રસંગ દરમ્યાન જાણે અજાણે કોઈની લાગણી દુભાઈ હોય તો અમો ક્ષમા પ્રાર્થીએ છીએ.

અસ્તુ,, સર્વેનો હૃદયપૂર્વક આભાર.

રાજેન્દ્ર રાવલ

## ૩. પૂજ્ય શ્રીમોટાના ૧૨૮મા જન્મદિન ઉત્સવનું શ્રી કૌશિકભાઈ મહેતા સાહેબનું ઉદ્બોધન

**હરિઃૐ**

આજના આ ઉત્સવના યજમાનશ્રી મારા સ્નેહી અલ્કેશભાઈ તથા પૂજ્ય શ્રીમોટાના પરિવારના સૌ સ્નેહીજનો.

મારો અનુભવ એવો છે કે, મોટા ઉપર કંઈક કહેવું એ કેટલું ન્યાયપ્રદ હશે ? કારણ કે મોટા જે છે તે મારો અનુભવ કહું છું એ પ્રમાણે **મોટાને વાંચવા કરતાં, જાણવા કરતાં એને અનુભવવા માટેની એક ચેતનાશક્તિ છે.**

મૂળ હું ગણિતનો શિક્ષક હતો. મોટાનું નામ પણ મેં નહિ સાંભળેલું, સદેહે મોટાને જોયા પણ નહોતા. ગુજરાત યુનિવર્સિટીમાંથી M.Ed. કર્યું તે વખતે મારા ગાઈડ હતા નડિયાદના જયંતિભાઈ શાહ સાહેબ શ્રી. આ મારો પ્રસંગ એટલા માટે કહું છું કે એ જયંતિભાઈ શાહ મારા થોડા વિરોધી હતા. મારા ગાઈડ હતા પણ મારે ને એમને છત્રીસનો આંકડો હતો. હું બહુ ચોખ્ખું કહું કે હું ભારતીય જનતા પક્ષમાં કામ કરતો તે એમને ગમતું નહિ અને મારી હાજરી જે છે ફક્ત એક જ દિવસની ખૂટતી હતી પણ મોટાના શિષ્ય એટલે સિદ્ધાંતના કારણે મારું એક વર્ષ બગડ્યું અને આજે આપણને લાગે કે આ પીડાદાયક છે પણ ભવિષ્યમાં ખબર પડી કે આ જે થયું તે સારું થયું.

૧૯૮૯ના મે મહિનાની અંદર મારી ઉપર ફોન આવ્યો જયંતિભાઈ શાહ સાહેબનો. મારા ગાઈડ (માર્ગદર્શક) કૌશિક તારું કામ છે, યુનિવર્સિટી આવી જા. હું ગયો.એમણે મને કહ્યું કે, તારે પીએચ.ડી. કરવાનું છે. હું પાક્કો અમદાવાદી. મેં કહ્યું કે, પીએચ.ડી. કરવાથી મારા પગારમાં એક રૂ. વધવાનો નથી. મારે પીએચ.ડી. કરીને શું કરવાનું ? મેં તારું ફોર્મ ભરી દીધું છે, તું સહી કર. હવે ગમે તે કારણસર હું ઝુક્યો. મારે ને એમને બનતું નહીં. પણ એમની આંખમાં આસુ હતા. મૌન મંદિરમાં હું આખો મે મહિનો બેસીને આવ્યો છું અને એક મહિનો

બેઠા પછી મને વારંવાર મોટાએ કીધું કે પેલો તારો બ્રાહ્મણ શિષ્ય છે એની પાસે મારા પુસ્તકો છે એનું સંશોધન કરાવીને એક પુસ્તક તૈયાર કરીને સમાજને આપજે.

મેં મોટાને જોયા નથી. મોટાનું નામ પણ મેં નહિ સાંભળેલું. જયંતિભાઈ (માર્ગદર્શક)એ આંખમાં આંસુ સાથે કહ્યું, મોટાએ તને પકડ્યો છે, હું તો ગણિતનો શિક્ષક. ફિલોસોફીની મને કશી ખબર નહિ અને એમણે કહ્યું કે, મોટાએ તને પકડ્યો છે. આ વિષય ઉપર તારે પીએચ.ડી. કરવાનું છે. મેં વળી હા પાડી દીધી. પગારમાં એક રૂપિયો વધશે નહિ, પણ મેં કહ્યું કરવા તો દે ને. મને હરિઃ ૐ આશ્રમ લઈ ગયા. મને કહે કે, તારે મૌનમાં બેસવાનું છે. મને થયું વળી પાછી જફા આવી. જાહેર જીવનમાં પડેલો, નાનપણથી મૌન રહેતા આવડે નહીં અને મૌનમાં બેસાડ્યો. અઠવાડિયું બેઠો. મૌનમાં બપોરે સુવાની મનાઈ છે. તેમ છતાં હું તો સોમ, મંગળ સૂઈ ગયો અને બુધવારે બપોરે હું સૂતો હતો ત્યારે ખબર નહિ શું થયું મોટાના જે ઓટલાવાળાં રૂમ નંબર ૧માં બેસાડેલો. મને હેમરિંગ થાય કે મોટાએ તને પકડ્યો છે, તને પકડ્યો છે. મને થાય કે હું છૂટું તો સારું. બપોરે સૂતો હતો ત્યારે બારણાની સાંકળ ખખડી અને ઉછળતી ઉછળતી મને લમણામાં વાગીને હું જાગી ગયો અને એવી ધ્રુજારી શરૂ થઈ. મને ખબર નહિ કશું સૂઝે નહીં. એમ કરતાં કરતાં કીધેલું કે બેસવાનું છે તો બેસું છું. દિમાગમાં મોટાનું જીવન સાહિત્ય કંઈ જ ચાલે નહિ. વાલિયાને રામ રામ કરવાનું કહ્યું હતું અને તે મરા મરા કરતો હતો. તેમ હું અઠવાડિયું બેઠો. મારા ગાઈડને કીધું કે, આમાં હું ફસાઈ ગયો છું. મને આમાં કંઈ સમજણ પડતી નથી. તો ગાઈડ કહે કે તને કીધું છે એટલે કંઈક થશે. કંઈક કરતો જા. પછી તો શું થયું ખબર નહીં, ત્રણ વખત મૌનમાં બેઠો. મને મોટાની કૃપા કે રમેશભાઈ ભટ્ટ, હેમંતદાદા નીલકંઠ, ભાઈશ્રી નંદુભાઈ અને સી. ડી. શાહ સાહેબ આ બધાએ મને ભેગા થઈને એવો સપોર્ટ આપ્યો કે કુદરતી રીતે મને ભરોસો થયો કે મોટાએ મને પકડ્યો છે. હું ક્યારેય પદ્ય વાંચતો નહિ.

મોટા શિક્ષણમાં શું કહે છે તે એમના બધા પુસ્તકોમાંથી શોધી કાઢ્યું અને છેલ્લે એવું થયું કે મોટાના પુસ્તકોમાંથી મહાનિબંધ લખ્યો અને યુનિવર્સિટીએ તે મહાનિબંધ માન્ય રાખ્યો અને મને પીએચ.ડી.ની ડિગ્રી મળી ગઈ.

હું પીએચ.ડી. કરવાની ના પાડતો હતો પણ ૧૯૯૫ની સાલમાં ભાજપની સરકાર આવી અને અમદાવાદમાં સક્રિય કાર્યકર્તામાં એકમાત્ર હું જ પીએચ.ડી. થયેલો એટલે મને અમદાવાદ સ્કૂલ બોર્ડનો ચેરમેન બનાવ્યો. ક્યાં ૧૯૮૯માં હું ના પાડતો હતો પરંતુ એનું ફળ મને ૧૯૯૫માં મળ્યું.

જાહેર જીવન શરૂ કર્યું. મને લખતા ના આવડે. પણ હું દર મહિને ૮૯ની સાલથી આજેપણ હરિઃૐ આશ્રમમાં જઉ છું અને મેં પહેલા (અગાઉ) કીધું કે અનુભવવાનો વિષય છે. મને એવું લાગતું કે આ બધું ફસાયેલો, મને પકડ્યો છે આવું બધું હોય?

ગોધરાકાંડ થયો એમાં ગુજરાત બંધનું એલાન મેં આપ્યું હતું અને એને કારણે અનેક જગ્યાએ મને સંડોવવામાં આવેલો. કોર્ટમાં ઘણા બધા ધક્કા ખાધા પણ જયંતિભાઈ શાહ સાહેબે મને કીધેલું કે મોટાએ તને પકડ્યો છે. કોર્ટમાં જઉં એ પહેલા સૂર્યના દર્શન કરું અને મોટાને કહું કે તેં પકડ્યો છે તો પછી પકડી રાખજે. સાહેબ આજે ૮૦ એ ૮૦ કેસમાં નિર્દોષ જાહેર થયો.

આ મેં એટલા માટે કીધું છે કે મોટા ચમત્કારમાં તો માનતા જ નહોતા, પરંતુ આજે અનુભવે એવું લાગે છે કે આ કોઈક ચેતનાશક્તિ છે જે મૌનમંદિરમાં બેસો તો વધારે અનુભવાય છે. આવા કાર્યક્રમમાં આવો તો પણ વધારે અનુભવાય છે. એકવાર મોટા પકડશે ને પછી તમે ભાગવા માંગતા હશોને તો પણ મોટા તમને ભાગવા નહિ દે. આ એમની તાકાત છે અને મારો પોતાનો અનુભવ છે.

લખતા ના આવડે એને કે.કા. શાસ્ત્રી જેવા વિદ્વાન વ્યક્તિ એવું કહે કે તારે વિશ્વ હિન્દુ સમાચાર મૅગેઝિન સંભાળવાનું છે. આજે ઓગણત્રીસ વર્ષથી તંત્રી છું. આ મોટાની તાકાત છે. આજ સુધીમાં મારા તેત્રીસ પુસ્તકો ધર્મ અને અધ્યાત્મ ઉપર બહાર પડી ચૂક્યા છે. આ મોટાની કૃપા કારણ કે એમણે મને પકડ્યો. મારી તો ઈચ્છા છે કે મને આ જનમ નહીં પણ દરેક જનમમાં પકડજે. અલ્કેશભાઈને હું ક્યારેય મળ્યા નથી. પરંતુ વ્યવસ્થાના ભાગરૂપે આવ્યો છું. હું પરિવારનો ભાગ છું. મોટાએ મને પકડ્યો છે ને એટલે હું આવવાનો જ છું. અલ્કેશભાઈને મોટાએ કીધું જા આને લઈ આવ. પરંતુ મારી દષ્ટિએ મોટાના પુસ્તકો વાંચતી વખતે મને એટલું સમજાયું કે મોટાએ જીવન ઉપર વધારે ફોકસ કર્યું છે. જેમાંના મોટા ભાગના ટાઈટલ જીવન ઉપર છે. જેવાં કે જીવનમંથન, જીવન પગરણ, જીવન સંદેશ, જીવન સંશોધન વગેરે.

એમણે ‘જીવન પરાગ’માં એક વાત બહુ સરસ કરી છે. જીવન એટલે શું છે ? **જીવન એટલે અનેક જન્મોના સંસ્કાર લઈને આવેલા જીવની ચેતનાશક્તિની દેહ દ્વારા થતી વહન ક્રિયા.**

ત્રણ લીટીમાં એમણે મોટો સંદેશ આપ્યો છે કે અનેક જન્મોના સંસ્કાર. એનો અર્થ એમ થયો કે આ કૌશિક મહેતાના જન્મથી આ પહેલાં અનેક જન્મો થયા હશે. નંબર એક. આ જીવની ચેતનાશક્તિ છે જે દ્વારા એમણે આ દેહ (શરીર) દ્વારા વહન ક્રિયા કરે છે એનું નામ જીવન છે. બહુ સરસ ભાષા છે મોટાની પણ ખૂબ જ ઊંડાણ છે. તેમને હું આપણી અંદર જે ચેતનાશક્તિ  છે એના દેહ દ્વારા વહન ક્રિયા કરે છે. ફલાણો બહુ કંજુસ છે આવું પ્રમાણપત્ર તમે શું કામ આપ્યું ? કારણ કે એના જે દેહ દ્વારા જે તમને અનુભવ કરાયો છે તે એની ચેતનાશક્તિ દ્વારા આવું કરાયું છે. મારી ચેતના શક્તિ આગલા (પૂર્વના) અનેક જન્મોના સંસ્કારોને કારણે બની. તે સંસ્કારને કારણે મારો સ્વભાવ બન્યો અને મારા સ્વભાવને કારણે મારી તે વર્તમાન જિંદગી જીવાઈ. વ્હેલા મોડા પણ આધ્યાત્મિકતા તરફ જવાની હશે અથવા તો ચિંતનની ક્ષણો તરફ જવાની હશે. આ શરીરથી ભીડમાં જતો નથી મને એકાંત બહુ ગમે છે અને મૌન બહુ ગમે છે. એક જમાનામાં આ કૌશિકભાઈ રાતના અઢી-અઢી વાગ્યા સુધી મહેતા રેસ્ટોરન્ટ ઉપર (વી. એસ. હોસ્પિટલ) પડ્યા રહેનારા. બહુ ગમતું હતું અમને લોકોને, પરંતુ ૮૯માં મોટાએ હાથ પકડ્યો અને જીવન બદલી નાખ્યું. આજે કંઈ જ પડી નથી. હજી પણ દર મહિને પેટ્રોલ ખર્ચીને હરિઃૐ આશ્રમ જઉં છું. આશ્રમ એ મારું ફાસ્ટ ચાર્જિંગ છે ને ત્યાં છે ને ફક્ત દસજ મિનિટમાં ફાસ્ટ ચાર્જીંગ થઈ જાય છે અને મહિનો નીકળી જાય છે. તો ચેતનાશક્તિથી જ હું મારા દેહ દ્વારા થતી વહન ક્રિયા દ્વારા વર્તમાન જિંદગી જીવું છું. મોટાએ કીધું છે એ સાચું કેવી રીતે હોય. દા.ત. બે જોડિયા ભાઈ હોય તેમનું ડીએનએ એક જ, હાઈટ બોડી એક જ, ચહેરા સરખા, રક્ત ગૃપ એક, અવાજ પણ એક, કદાચ વર્ણ પણ એક શ્યામ હોય અને એક શ્વેત હોય તો પણ છતાંય એક ગુસ્સાવાળો હોય અને બીજો શાંત હોય છે. એકને ગળ્યું બહુ ભાવે છે અને બીજાને તીખું ભાવતું હોય છે. તો કે, આવું કેમ છે તો જીવન એટલે અનેક જન્મોના સંસ્કાર લઈને આવેલા જીવની ચેતનાશક્તિની દેહ દ્વારા થતી વહન ક્રિયા. કેટલી મોટી વાત. એટલે જ મોટાએ કીધું કે તું તારો ગુરુ થા. એટલું નહિ ‘લગ્ને હજો મંગલમ્’ના પુસ્તકમાં મોટાએ કીધું પ્રત્યેક નરને નારાયણ થવાનો અવકાશ મળે છે એટલું જ નહિ આધ્યાત્મિકક્ષેત્રે નારાયણ પણ બનાવી શકે છે.

મોટાને તો ચુનિયો કહેતા, સ્વાદિયો પણ કહેતા. લાગે ખરું કે આ બબ્બે સાક્ષાત્કાર કર્યા હોય કારણ કે એમણે જીવનમાં અંદર ડોકિયું કર્યું અને આપણે અંદર ડોકિયું કરવાને બદલે બહાર ડોકિયું કરીએ છીએ. ભજનમાં મારો નાચતો ફોટો આવે તે જોવા ઇચ્છીએ છીએ ત્યારે મોટાએ એવું નહિ કર્યું.

એણે કીધું તારી ચેતનાશક્તિને તું જગાડજે. મોટાએ બે વખત સાક્ષાત્કાર કર્યા જે એની તાકાત હતી. હેમંતદાદા નીલકંઠની જોડે સાંભળ્યું એટલે કહું છું. મોટા બીજાના રોગ લઈ લેતા હતા. મોટા ધારે તો એક દિવસમાં પાંચ લાખ ભેગા કરવા છે તો થઈ જતા હતા. આ એમની તાકાત હોય છતાં પણ મોટા જે છે એ જો ધાર્યું હોત તો મોટા એક નવો પંથ-સંપ્રદાય-ધર્મ સ્થાપી શકત. મોટાએ આ કામ નહીં કર્યું. સનાતન ધર્મમાં અનેક સંપ્રદાયો છે. એનાથી સમાજનું કદાચ ભલું થશે કે કેમ ? નહિ થાય એવું નથી કીધું.

આજે તો જગદ્‌ગુરુ થવામાં પડાપડી, મહંત થવામાં પડાપડી, મંડલેશ્વર બનાવવામાં પડાપડી છે. મોટા મોટા આશ્રમ, મઠ કેટલામાં પડાપડી છે અને જે જમાનામાં મોટાને બબ્બે સાક્ષાત્કાર થયા હોય, તાકાત હોય, બીજાના રોગ લઈ લેવાની શક્તિ હોય, ધન ધારે એટલું એકત્ર કરવાની તાકાત હોય છતાં પણ નહિ. મોટા ગાદીપતિ બની શક્યા હોત. ગાદી એક, ગાદી બે, ગાદી ત્રણ આવે છે. મોટાએ કોઈ ગાદી નહિ, કોઈ સંપ્રદાય ઊભો કર્યો નહિ, મહંત નહિ, મહામંડલેશ્વર બન્યા નહિ, જગદ્‌ગુરુ કશું ન બન્યા. સંપ્રદાય પણ નહિ આપ્યો. **પણ મોટાએ સમાજને એક સાધન આપ્યું મૌન મંદિરનું. મૌન મંદિરનું સાધન આપ્યું સાહેબ તમે અભ્યાસ કરજો મારો અનુભવ કહે છે. સાહેબ પંદર મિનિટ પણ મૌનમાં નહિ રહી શકો અને રહેતા હશો ને તો મગજ ત્યાં નહિ હોય તમે એકલા બેઠા હશો. મોટાએ અંતરમુખ થવાનું સાધન આપ્યું.** આવા મૌન મંદિર અનેક જગ્યાએ થયા છે. પરંતુ શરૂઆત શ્રીમોટાએ કરી.

તમારામાં ચેતનાશક્તિ છે એટલે તું તારો ગુરુ થા, બીજાનો પછી એટલે તું તારી જાતને ઓળખ. મોટાએ એક જગ્યાએ પદ્યમાં કીધું છેઃ

**"પોતે જોવું જ પોતાનામાં ઊંડામાં ઊંડું ખોજવું,**
**રહે મશગુલ પોતાનામાં સત્યને પૂર્ણ પામવું."**

તું તારામાં ખોજ તો તને ખબર પડશે કે તું ક્યાં સાચો, ક્યાં ખોટો. તારો ગમો-અણગમો કેમ આવો. તારી દૃષ્ટિ કેમ આવી અને એને પ્રેમ કરે ને આને જ કેમ ધિક્કારે છે. તું તને તારામાં ખોજ ઊંડામાં ઊંડો જજે. અરીસા સામે રોજ ઊભા રહીએ છીએ પણ આપણે આપણને ઓળખતા નથી. જ્યારે તુલસીદાસે આખું રામચરિત લખ્યું છતાંય જ્યારે રામે દર્શન આપ્યા ત્યારે એક જ માંગણી કરી. મુજકો મુજસે મિલા દે. તું તારી જાતને ઓળખ. મોટાએ એક જગ્યાએ કીધું છે, જે જીવ પોતાને ઓળખતો નથી એ જીવ પોતાને સુખી કે પ્રસન્ન કરવા જાય છે તે કાં તો હતાશ થાય છે, કાં તો નિરાશ થાય છે.

અને એટલા માટે મોટાએ કીધું 'તું તારી ખોજ કર.' મોટાએ સંપ્રદાય બનાવ્યો હોત તો મોટાની વાહ વાહ થાત. મોટાના મંદિરો થાત. મોટાએ ના પાડી કે મારું ઈંટ કે ચૂનાનું સ્મારક બનાવશો નહિ. કારણ આ ગાંડી પ્રજા છે ને એ નાળિયેર વધેરશે અને પોતે કંઈ નહિ કરે. એને બદલે મોટાએ કીધું તારું મૌન રાખ, ઘરમાં કે આશ્રમમાં રાખ અને અંદર ડોકિયું કર. જો તારે તારો ભવ સુધારવો હોય તો અને એટલે હકીકત છે કે ચેતના શક્તિ એટલે કોણ ? ચેતનાશક્તિને જે છે એટલે મારામાં કોક મને ધક્કો મારે છે અને એ કોક છે એ મારી ચેતનાશક્તિ છે અને એજ સત્ય છે.

હું કહું ને ઘણીવાર મારું માથું દુઃખે છે. હું એવું નથી કહેતો કે આ માથું દુઃખે છે. મારું માથું દુઃખે છે. મને ભજનો બહુ ગમે છે. અથવા તો મને આ માણસ બહુ ગમતો નથી. એનો અર્થ એ કે મોટાએ કીધું મારું કહેનારો અંદર કોક છે. મને કહેનારો અંદર કોક છે. નહિ તો એવું ના કહેત કે આ ભજનો બહુ ગમે છે. આ માથું બહુ દુઃખે છે. પણ મારું માથું બહુ દુઃખે છે. મને શીરો બહુ ભાવે છે. મને કહેનારો કોક અંદર છે. બસ એને ઓળખવાની જરૂર છે અને જે એને ઓળખી નાંખે છે તેને મોટાએ એવું કીધું

છે કે નરમાંથી નારાયણ (જીવમાંથી શિવ) બનવા માટે પ્રયાણ કરી શકે છે અને એ જ સત્ય છે. પહેલી શરત એ છે કે મારા પોતાના અને તમારા અનેક જન્મો થયા છે. કૃષ્ણ ભગવાને કીધું છે કે હે ! અર્જુન ! તારા મારા અનેક જન્મ થઈ ગયા છે. શું કામ રડે છે. મોટાએ પણ એવું કીધું કે અનેક જન્મોના સંસ્કાર લઈને આ જીવ આવે છે. આ જીવ એટલે સમજજો આપણે બધા જીવીએ છીએ. એમાં પરમાત્માનો અંશ છે. જીવાત્મા તરીકે તમે ને હું બધા અલગ છીએ. જીવ એટલે તમારા મારામાં એનર્જી છે. તમે પણ જીવ છો હું પણ જીવ છું. હમણાં થર્મોમીટર લઈને ટેમ્પરેચર માપીએ તો તમારું ૯૮.૪ આવે અને હું તમારા કરતાં થોડો વધારે મોટો છું તો મારું ટેમ્પરેચર ૯૮.૪ જ આવે અને એક નાનો બાળક એનું પણ ટેમ્પરેચર ૯૮.૪ જ આવે. આ બધા જીવ છે પણ મારી ચેતનાશક્તિ જુદી છે. કારણ કે મારા અનેક જન્મોના સંસ્કાર જુદા છે. આપણે બધા છીએ છતાં પણ જીવાત્મા તરીકે તમે અલગ છો, હું અલગ છું.

બે જોડિયા ભાઈ છે તે બંનેના આગલા (પૂર્વ) જન્મના સંસ્કાર જુદા હતા એ પ્રમાણે ચિત્ત જુદા છે. એ પ્રમાણે સ્વભાવ જુદો છે અને એ સ્વભાવ પ્રમાણે વર્તે છે.

મોટાએ કીધું કે નરમાંથી નારાયણ બની શકે છે. તો પહેલું પગથિયું એમણે કીધું કે ચિત્ત જે છે ને એ ચિત્તને ઓળખો. બસ તે ઓળખવા સાધન આપ્યું. મૌનમાં બેસો, ધ્યાનમાં બેસો, એકાંત સેવો, ધાર્મિક સાહિત્ય વાંચો. આ અઘરું છે. આ જમાનામાં આપણે તો ન્હાતા ન્હાતા સાબુ પાંચ વાર પડી જાય કારણ કે મગજ ઑફિસમાં પહોંચી ગયું હોય. આ અભ્યાસથી આવી શકે. મોટા કહે છે અભ્યાસ કરો એટલે બધું આવી શકે.

નારાયણ બનવું એટલે શું ? તો તમારા ને મારામાં જે ૯૮.૪ આત્મા (જીવ) જે જીવ છે તે પરમાત્માનો અંશ છે અને મૃત્યુ પામે ત્યારે પરમાત્મામાં આ જીવ ભળી જાય છે. ભૌતિક વિજ્ઞાને નોંધ્યું કે એનર્જી એનર્જીમાં ભળી જાય છે. એનર્જીનો નાશ થતો નથી. એનર્જી એના રૂપમાં ભળી જાય એટલે કે બીજો જન્મ ધારણ કરે કે એનર્જી એનર્જીમાં ભળી જાય અથવા એનર્જી પરમાત્મામાં ભળી જાય છે. એટલા માટે મોટાએ જીવનની વાત કરી છે. જિંદગીની નથી કરી. એમના પુસ્તકોના ટાઈટલ જીવન ઉપર વધારે છે. જીવન સંશોધન, જીવનપરાગ, જીવન પગરણ નહિ કે જિંદગી સંશોધન, જિંદગી પરાગ, જિંદગી પગરણ.

જીવન જીવન જીવન કારણ કે આ કૌશિક મહેતાનું જીવન પહેલા પણ હતું. આ મરી જશે એ આ દેહ છે ને આ દેહને જિંદગી છે. ૭૫ વર્ષની, એંસી વર્ષની પણ અંદર જે ચેતનાશક્તિ છે ને તે જીવ બીજો જન્મ ધારણ કરશે. મોટાએ કીધું છે એ પ્રમાણે એમનું જીવન કન્ટીન્યુઅસ થશે. આ જિંદગી જે છે તે આ શરીર જીવે છે પણ જીવન જે છે તે જીવન એ તમારી અંદર બેઠેલ ચેતનશક્તિ જીવે છે અને છેલ્લે જિંદગી અને જીવન બંને સમાપ્ત કરવું હોય એટલે કે નારાયણ બનવું હોય તો તમે તમારું ચિત્ત સુધારો. ચિત્તને ઓળખો. તું તારો જ ગુરુ થા. મોટાએ એક જગ્યાએ કીધું છે કે ગુરુ તો તારી અંદર બેઠેલો છે. બહાર શું કામ શોધે છે ? ઘણા કહે છે મારે ગુરુ શોધવા છે પણ મળતા નથી. તું તારો જ ગુરુ થા બીજે શું કામ દોડે છે. એ ચેતનાશક્તિને એક સાથે સમાવી અને એક સાથે સમાપ્ત થશે તો એનર્જીમાં ભળી જશે. એનો અર્થ એ કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ અધ્યાત્મિક ચેતનાના ચાર પુરુષાર્થ કીધા છે. મોક્ષ પરિણામથી પુરુષાર્થ છે. તમારે પુરુષાર્થ કરવો પડે તો જ મોક્ષ પ્રાપ્ત થાય. મોટાની આ ચેતનાશક્તિ આઈ (આવી) ક્યાંથી હશે. આટલું ગદ્ય, પદ્ય અને છંદમાં લખી શકે અને એ પણ હરિજન આશ્રમમાં લખી શકે. ભક્તોના ટોળા આજુબાજુ હોય ત્યાં એમાંથી નીકળીને પણ સારી રીતે લખી શકે. કો'ક તો શક્તિ હશે ને ! જો તમારે

આ જનમ અંતિમ રાખવો હોય તો તમે નરમાંથી નારાયણ બનવા પ્રયાસ કરો. નહિ તો ચેતનાશક્તિ બીજો જનમ ધારણ કરશે. કૃષ્ણ ભગવાને કીધું છે કે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થશે ત્યારે હું જન્મ ધારણ કરીશ. એવું ચોક્કસ માનું છું.

ભલે આપણે મોટાનો ૧૨૮મો જન્મ ઉજવતા હોઈએ પણ મોટા એક એ જ વ્યક્તિ થઈ ગયા, એક એવા મહાત્મા, પરમ આત્મા થઈ ગયા કે મોટા પોતાની ચેતનાશક્તિનો બીજો જન્મ ઈચ્છાશક્તિથી ધારણ કરશે પરંતુ તે પહેલાં બીજા જન્મની ઈચ્છા પ્રકટ કર્યા વગર પોતાની ચેતનાશક્તિથી જેને પકડ્યા છે અને જે એની શરણમાં આવ્યા તે બધાંને પકડ્યા છે અને તે બધાના હૃદયમાં બિરાજમાન કરી દીધા છે અને પરિણામે જ આપણે અહિંયા ટકી શક્યા છીએ. અહિંયા હું છું ! હું સર્વત્ર વિદ્યમાન છું. એ હકીકત છે અને એટલા માટે મોટાએ જેને પકડ્યા છે તેને છોડશે નહિ. મોટા છોડશે નહિ. કંટાળશો તો પણ છોડશે નહિ. આટલું સમજી લેજો અને એટલા માટે મોટાએ સંપ્રદાય ના ઊભો કર્યો, ના મહામંડલેશ્વર બન્યા. ના જગદ્‌ગુરુ બન્યા, ના કોઈ પોતાના ઈંટ, ચૂના, માટીના સ્મારક બનાવ્યા અને એટલા માટે જ મોટા આજે પણ મોટા છે.

આ મહાનિબંધમાંથી જે સંક્ષિપ્તમાં પુસ્તક તૈયાર કર્યું તેનું નામ છે શ્રીમોટા અને શિક્ષણ : કૌશિકભાઈ મહેતાએ એટલેકે મેં લખ્યું હશે માટે નથી કહેતો કે વાંચજો પરંતુ આ પુસ્તક લખાયું છે મોટાએ. વિશેષ ના કહેતા.

મોટા શરણમ્ ગચ્છામિ. ધન્યવાદ. હરિઃૐ

**અનુસંધાન પેજ નં. ૯ ઉપરથી**

વધુમાં કૃષ્ણ પરમાત્મા ભગવદ્‌ગીતા અ. ૩/શ્લોક ૨૦માં જણાવે છે,

**કર્મણ્યેવ હિ સંસિદ્ધમ્ આસ્થિતા જનકાદયઃ ।**
**લોકસંગ્રહમેવ અપી સમ્પશ્યન્કર્તુમર્હસિ ॥**

**અર્થ :** જનક (રાજા) વગેરે બીજાઓએ કર્મ દ્વારા જ ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. લોક-કલ્યાણ અર્થે પણ તારે કર્મ કરવું જરૂરી છે.

શ્રીમોટાએ તેઓના જીવનના અંત સુધી, દ્વૈત (સાકાર બ્રહ્મ), અને અદ્વૈત (નિરાકાર બ્રહ્મ)નો સાક્ષાત્કાર કર્યો હોવા છતાં, લોકોના કલ્યાણ માટે ઘણાં સામાજિક કાર્યો કરતા રહ્યા હતા. "શ્રીમોટા એક લેખક તરીકે એમાં તેઓના લોકકલ્યાણ માટેનાં કાર્યો, તેમજ સઘળા સમાજ માટે શૈક્ષણિક ક્ષેત્રમાં, રમત-ગમતો વગેરે અંગે વિગતવાર જણાવેલ છે.

ભક્તિપૂર્વક જગદ્‌ગુરુ કૃષ્ણ પરમાત્માને સમર્પણ.

પૂજ્યશ્રી મોટાના આશીર્વાદ, હરિઃૐ અને જય શ્રીકૃષ્ણ સહ,

નરહરિ પુરોહિત.

**અનુસંધાન પેજ નં. ૨૩ ઉપરથી**

**જવાબ :** રાત્રિના બારથી વહેલી સવારના ત્રણ સુધીનો સમય સાધના કરવાનો શ્રેષ્ઠ સમય છે; ત્યારે તમો ગુરુને યાદ કરો તો તે તમને જરૂરથી મદદ કરશે.

**પ્રશ્ન :** સંતપુરુષ પૂ. શ્રીમોટા કોઈ સૂક્ષ્મ પ્રકારની વિશિષ્ટ કાર્યપદ્ધતિથી ('Technique'થી) - તેને (મતલબ કે તમારા ચિત્તમાં પડેલા સંસ્કારોને) પ્રત્યક્ષ સૂક્ષ્મપણે મૌન એકાંતમાં ખરેખરા આકાર રૂપમાં નજરોનજર જોઈ શકાય તેમ બનાવી દે છે વગેરે.... **એનો લાભ કેવો લેવો એ દરેકનું** (સાધક) **પોતપોતાનું છે...** બીજી કોઈ રીતે, તેવું થવું કદાપિ પણ શક્ય નથી, એટલું તો ચોક્કસ છે. **"ઈચ્છા પોતાની કે એની પ્રમાણે, ચિત્તના ઊંડા સંસ્કારોને કરાવે છે પૂરા જાગ્રત ત્યાં ખડા."**

(છેલ્લો પ્રશ્ન "જીવનસોપાન"માંથી લખેલ છે. પૃ. ૩૨૩/૩૨૫. બાકીના પ્રશ્નોના જવાબ પૂ. શ્રીમોટાએ આપેલા છે.

(**"પૂ. શ્રીમોટા સાથે વાર્તાલાપ"** પુસ્તકમાંથી ટૂંકાવીને-શબ્દોમાં થોડા ફેરફાર સાથે—'ક્ષમાયાચના')

## ૪. સાવધાન ! *(હરિગીત)*

રહીશ ગાફિલ જીવ ! મા, અણધાર્યું તેડું આવશે૦
જોબનભર્યું આ જીવન સૌ, એળે પલકમાં વહી જશે,
કંચન સમી તુજ કાય આ રોળાઈ રાખમહીં જશે. રહીશ ૦

અવનવી કંઈ આશ દિલની, એમની એમ રહી જશે,
પરણ્યો મનમાં, મનમાં રાંડ્યો, એવું તારું થઈ જશે. રહીશ૦

'હાય હાય' કરીશ ત્યારે, જાવું તો ગમશે નહિ,
રડીશ માથે હાથ મૂકી, ચાલશે કાંઈ નહિ. રહીશ૦

સૌ કર્મ સાક્ષીરૂપ તુજ, પ્રત્યક્ષ નજરે ભાળશે,
ને વાસનાની દિલતણી, મૂર્તિ ખડી સામે થશે. રહીશ૦

જોશે રહી ત્યાં જીવ તારો, અન્ય કાંઈ ન સૂઝશે,
મરણાંતે જેવી વાસના, તેવી ગતિ તારી થશે. રહીશ૦

તેથી કરી ચેતી લઈ, કર પ્રીતડી ઈશ સાથથી,
તુજ કર્મ સૌ જાયે બળી, એવી લગાડો લહે ખરી. રહીશ૦

જીવન સંશોધન દ્વિતીય આવૃત્તિ પૃ. ૮૨ — મોટા

## ૫. બહું થયું *(હરિગીત)*

બહુ થયું સહેવાય ના, તું ભાળ લેજે, શ્રીહરિ૦

બાળકપણું ભૂલમાં ગયું, જુવાની એળે વહી રહી,
ઊભી રહેશે કાલ આ, વિકરાળ મૂર્તિ कालની. બહુ૦

દિન એક જાવાનું ખરે, તે કોઈ મિથ્યા નવ કરે,
હરિ, મૂર્ખ તોયે શો રહ્યો ! કાંઈ ફડક નવ દિલ ધરે. બહુ૦

શાં ફૂટલાં મુજ કર્મ એવાં ! દિલ જરી હેરે* ગમે નહિ,
મહેનત કર્યે નવ ફાવતો, કેમેય ફળ ભાળું નહિ. બહુ૦

પ્રભુ, શું કરું ? સૂઝે નહિ, તું દાદ કાને નવ ધરે,
હું કોની પાસે જઈ રડું, કે ભાર હળવો તે કરે ? બહુ૦

તારા પરે સહુ આશ રાખી, જગત જીવ્યું છે હરિ,
શરણે ઢળેલા રાંકની તો, ભાળ નવ લે કાં જરી ? બહુ૦

(જીવન સંશોધન દ્વિતીય આવૃત્તિ પૃ. ૮૩) *હેરે = ગમે નહીં. — મોટા

## ૬. નવા વર્ષે

(અનુષ્ટુપ)

પુરુષાર્થે તમારા સૌ પ્રભુની સહાય ઊતરો,
નવા વર્ષે કરું એવી પ્રાર્થના પ્રભુની હું તો. ૧

(શિખરિણી-મંદાક્રાંતા)

તમારી સચ્ચાઈ તમ હૃદયનાં પ્રેમ શ્રદ્ધા વધતાં,
પ્રભુપ્રીત્યર્થેથી હૃદઉમળકે સૌ સમર્પ્યાં જવાતાં,
કૃપાશક્તિ કેરો અનુભવ થતો ત્યાં રહેશે અનેરો,
કૃપાશક્તિ એવી તણું નિજ થકી ભાવ સ્વાતંત્ર્ય જોશો. ૨

કરો જે તે કાંઈ મનહૃદયના સર્વ ભાવે કરીને,
પ્રભુને ત્યાં ભાવ મનચિત્તહૃદે ધારતાં રો' સચેતે,
અને એને માટે સઘળું કરવા ઉરે અભ્યાસ રાખો,
પુરુષાર્થે તેવા પ્રભુતણી કૃપા સહાય માગ્યાં કરો સૌ. ૩

ખપાવી સૌ દેવા નિજ ખમીરને હાથ લીધેલ કાર્યે,
મથ્યાં પૂરું રે'જે નિજ જીવનમાં સર્વ પ્રત્યેક કર્મે,
પ્રભુનું દીધેલું પ્રભુમય થવા આપણે ચેતતા રૈ,
રચાવા ભૂમિકા મદદ કરતાં ત્યાં રહેજો સદાયે. ૪

જીવન પાથેય પૃ. ૫૦ — શ્રીમોટા

| હરિઃૐ આશ્રમ નડિયાદને પાછલા બે માસ દરમ્યાન મળેલ દાન | |
|---|---|
| (૧) ઑગસ્ટ, ૨૦૨૫ | રૂ. ૪,૭૩,૫૦૪ |
| (૨) સપ્ટેમ્બર, ૨૦૨૫ | રૂ. ૯,૪૯,૬૪૦ |
| **હરિઃૐ ગુંજનને મળેલ આર્થિક સહયોગ** | |
| (૧) શ્રી કિરીટભાઈ એન. દેસાઈ | રૂ. ૫,૦૦૦ |
| (૨) અમિતા યોગેશભાઈ પટેલ | રૂ. ૫,૦૦૦ |
| (૩) સ્વ. દર્શનાબેન ભરતભાઈ શાહ | રૂ. ૨૫૦૦ |
| (૪) શ્રી રજનીભાઈ જાની, નરોડા | રૂ. ૧૦૦ |

## ૭. પૂજ્ય શ્રીમોટાનો સ્વજનો પ્રત્યે પોકાર – મોટા

આ જીવ માટે જે પ્રેમની ઊર્મિ ઊઠે છે તેનો જો સાધનાની પ્રગતિમાં ઉપયોગ ન થઈ શકતો હોય તો તેવી ઊર્મિ સાબુના ફીણના પરપોટા જેવી જ ગણાય ને ? પ્રેમોર્મિ તો શક્તિ છે, તે આપણું ઉત્તમ સાધન છે. આ જીવ પરત્વેની તમારામાં પ્રગટતી પ્રેમની ઊર્મિને શક્તિરૂપ સમજીને કૃપા કરીને તેનો ઉપયોગ કરવાનું લક્ષમાં લેવાનું છે.

તમે જે લાગણી આ જીવ પરત્વે રાખો છો તે 'મોટા'ને નામે ઓળખાવાતી વ્યક્તિ પરત્વે નહીં, પરંતુ તેમાં જે 'ચેતનભાવ' પ્રગટેલો છે, તે ભાવ પરત્વે અને તે ભાવના આવિર્ભાવ પરત્વે તે લાગણી રાખો છો. તેથી દિલમાં એવા ભાવની ભાવનાને દૃઢાવવી ને સચેતન થવું. આટલો બધો ભાવ રાખો છો, તેમ છતાં આ જીવ કેવો નિષ્ઠુર છે ? તમને પ્રસન્ન પણ રાખી શકતો નથી.

આ માર્ગમાં "Thus far and no further" "બસ આટલેથી જ અટકવાનું ને આગળ કશું નથી" એવું નથી. મારા જેવા છેક અભણને, કોઈ એક અજાણ્યે ઠેકાણે પડેલાને તથા જેને કોઈ જાણતું નથી એવા ગરીબને, તમે બધાં સ્વજનો પ્રેમભાવે ન્યોચ્છાવર કરી દો છો, એ મારે મન તો પ્રત્યક્ષ પ્રભુકૃપા જ છે, બાકી જો હું વિચાર કરું તો મારી કને છે શું ? આજે લોકો જેની કને કંઈક પ્રતિષ્ઠા હોય, કંઈક પ્રતિભા, કંઈક લક્ષ્મી, કંઈક સત્તા, કંઈક વૈભવ, કંઈક આંજી દે એવી તેજસ્વિતા, ને એવી કંઈ સ્નિગ્ધ વાક્કુશલતા, કંઈક સાક્ષરપણું હોય એવાને જાણે ને ઓળખે ખરું. આમાંનું મારી કને કશુંય નથી. **મારો વેપાર તો સ્વજનોની પ્રેમભાવના અને જીવનની કદર ભાવના, ફરજ પર જ નભી શકે. એના વિના હું તો સાવ દેવાળિયો છું. સાવ નરાતાર ભિખારી. પ્રભુનાં આપેલાં મારાં સ્વજનોએ પ્રેમભાવની ખોટ પડવા દીધી નથી તેમ છતાં હૃદયમાં અસંતોષની જ્વાળા આજે જે ધગધગે છે, તને તેમાંથી જે વેદના પ્રગટે છે, તેનાથી હું બળ્યોઝળ્યો રહું છું.**

**સ્વજનના દિલને જીવનમાં ધ્યેય અંગેની જ્વાળામુખી સમી ઝંખના જાગે એ જ મારા જીવનની, ફળીભૂત થયા વિનાની મહત્ત્વાકાંક્ષા છે. એને કાજે જ મારું જીવન ટકી રહેલું છે. એને કાજે બીજાં કેટલાંક જીવન જીવવાનાં હશે તોય તે મને મુબારક છે. તેને ફળીભૂત કરવા માટે અગ્નિપરીક્ષામાંથી કે નર્કાગારમાંથી કે ગમે તેવા આકરા ને આડાઅવળા સંજોગોમાંથી, આબરૂ કે બેઆબરૂપણામાંથી પસાર થવું પડે તોય તે બધું પ્રભુકૃપાથી ગનીમત હશે, જો કે એ પ્રચંડ અસંતોષ જ મારા ભાંગ્યાતૂટ્યા જીવનનો જીવ કાજેનો આધાર છે.** એ છે એટલા કાજે તો જીવનની ધન્યતા છે. જીવનને સાથે થયાનું કરવાનું, જગતમાં સ્થૂળ વાંઝિયાપણું એ કદાચ કલંકરૂપ કોઈને લાગે, જ્યારે મારે મન આવું વાંઝિયાપણું એ તો જીવના ભાગ્યના સર્વોદયનો પ્રાતઃકાળ છે. એનું વાંઝિયાપણું રાખવું એ તમે બધાં પ્રભુકૃપાથી મળેલાં, સ્વજનોના હાથમાં છે. પ્રભુકૃપાથી તમોને મળેલા સ્થૂળ ઐશ્વર્યનો મારે ખપ નથી. જીવનનું ઐશ્વર્ય પણ અનેક પ્રકારનું હોય છે. તે બધાં ઐશ્વર્યોમાં, આધ્યાત્મિક જીવનનું જે ઐશ્વર્ય છે, તેના આગળ બીજાં ઐશ્વર્ય સાવ ઝાંખાં પડી જાય તેવા હોય છે. બધા **સ્વજનોનાં એવાં ઐશ્વર્યવંત જીવન બને એ જ મારે તો જોવું છે. ત્યાં સુધી ભલેને લાખો જન્મ લેવાના આવે તોય તે પ્રભુપ્રસાદી જ હશે.**

**જે જેવા ભાવે ને જે રીતે પ્રભુકૃપાળુ શ્રી ભગવાનને મનહૃદયથી ભજે છે, તેનું તે ભાવે ને તે રીતે શ્રી ભગવાન પોતે યોગક્ષેમ વહન કરે છે, એવો ભગવાનનો સાક્ષાત્ કોલ છે.** એ જો આપણા મનહૃદયમાં પૂરું ઊગી જાય તો ચેતનને છતું થતાં વાર ન લાગે. તો તે બાબતમાં તમે બધાં મળેલાં

કૃપા કરશો.

જે જે સ્વજનો જીવન વિકાસના હેતુ અર્થે આપમેળે મારી કને આવેલાં છે, તેમને મારી પ્રાર્થના છે કે કૃપા કરીને મને તમારા વર્તનથી સંતોષ થાય એવું જીવતું જાગતું ભાન પ્રગટાવતાં રહેજો — **જીવનમાં યદ્વા-તદ્વા જીવીને જો પછી તમે મારી આગળ ભગવાનની કૃપાનું નામ લેશો તો હું કદી પણ સહી લઈશ નહીં.** સ્વજનોનાં વર્તનને સહેવાની પણ અમુક મર્યાદા છે. તમારે જો યોગ્ય રીતે ન વર્તવું હોય તો ભગવાનની કૃપાનું નામ મૂકી દેજો. એ કંઈ રેઢી પડી નથી. જગત-વહેવારમા પણ જો આપણે કોઈને રીઝવવું હોય છે તો તે જે રીતે પ્રસન્ન થાય, તેમ આપણે વર્તવાનું કરીએ છીએ. **તેવી રીતે ભગવાનને રુચે તેવું વર્તન ને જીવન પ્રગટાવવાનું કરી શકીએ તો જ આપણે મળવાનો અર્થ છે. અનાસક્તિ, નિર્મમત્વ, નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ, નિરહંકાર વગેરેને સંસાર-વહેવારનાં કર્મ કરતાં કરતાં જીવનમાં જો પ્રગટાવતાં રહીએ તો તે પ્રભુને રુચે તેવી હકીકત છે.**

તમને બધાંને પ્રાર્થના છે કે જીવનમાં કૃપા કરીને વ્યવસ્થિતિ પ્રગટાવો. **જે જે કર્મ મળેલું છે તેમાં જો વ્યવસ્થા, ખંત, ઉત્સાહ, હિંમત, સાહસ, ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે પ્રગટાવવાનું આપણાથી ન બની શક્યું તો જીવનવિકાસના ક્ષેત્રમાં આપણે બીજું બળ ક્યાંથી પ્રગટાવી શકવાના છીએ ? માટે કૃપા કરીને જો મળ્યા છો તો મળ્યાની સાર્થકતા થાય તેનું ભાન પ્રગટાવજો.**

પ્રભુકૃપાથી આ જીવ તો મળેલાં સ્વજનોને કેળવવા ને ઘડવાને માટે અનેક રીતે મથતો હોય છે અને મળેલાં સ્વજન પર પ્રેમ પણ કરતો હોય છે. જીવનને ઘડવાને કાજે સ્વજનનાં તાલાવેલીયુક્ત તત્પરતા અને ઝંખના જ્યારે તે જોતો નથી, અથવા તો અનુભવતો નથી, ત્યારે તેના સંતાપનો પાર હોતો નથી. તે **બધાં સ્વજન તેની કને આપમેળે તેમની પોતાની સ્વયં મંજૂરીથી આવેલાં છે. તે કોઈને બોલાવવા ગયો નથી. તેમ છતાં તેમના જીવનના હેતુનું ભાન તેમનાથી થતાં રહેતાં કર્મમાં પ્રગટેલું મારાથી જોવાતું નથી અને કર્મને માત્ર ઉડઝુડિયા રીતે કરતાં જોઈને મને કેટલો ત્રાસ થતો હશે તેની સમજણ ભાગ્યે જ કોઈ સ્વજનને પડે છે. જો જીવન કેળવવાને અર્થે મળ્યાં છો, આવ્યાં છો તો તેનું ભાન હવે પ્રગટાવો. તમે મને જે ભાવથી સ્વીકાર્યો છે તે ભાવનું દિલમાં દિલથી જીવતુંજાગતું અનુસંધાન ન રાખો ને યદ્વા-તદ્વા વર્તો પછી તમારા પર મને કેટકેટલી ઝાળ ઊઠે, તે કૃપા કરીને તમે સમજો એવી મારી તમને પ્રાર્થના છે. સ્વજનના પ્રેમભાવને આ જીવનું હું તો અણમોલું સાધન ગણું છું. એ માટે દિલ પ્રભુની અણમોલ પ્રસાદી છે અને એવી પ્રસાદી મારી છાતીએ, આંખે, કપાળે ને કંઠે લગાડું છું, જેમ ભક્ત ભગવાનનું ચરણામૃત લીધા કરે છે તેમ.**

બાકી હું પોતે સદ્‌ગુરુ છું અથવા એ રીતે તમે બધાં મને સ્વીકારો એવું કદી પણ કહેલું નથી ને કહેતો પણ નથી.

ભગવાનનું નામ-સ્મરણ એ તો એક સરળ સાધન છે, તે પણ હજી સુધી કોઈથી યોગ્ય રીતે બની શકતું નથી; અને આપણે તો નીકળ્યા છીએ હિમાલયનો પહાડ ચડવા ! આપણે બાથ ભરવી છે તો આકાશને અને એક નાનકડી બે ફૂટની જગાને તો બાથ ભરી શકાતી નથી ! મને તો આપણાં બધાંના ફતવા જોઈને દિલમાં એક પ્રકારની ઘણી દિલગરી થાય છે. માણસોને કંઈ કશું કરવું નથી ને ખાલી ખાલી કશુંક મહત્ત્વ મેળવવાનાં ફાંફાં મારવાં છે ! તે છતાં પાછું પોતાને હોશિયાર ગણવાની તુમાખી રાખવી છે. અનેક પ્રકારનાં ફાંકા રાખવાં છે ને અહમ્ તો હિમાલય કરતાંય મોટું રાખ્યા કરવું છે ! એવી બધી હકીકત હું સ્વજનોનાં દિલમાં જોઉં છું. કોઈને જીવનની ખરેખરી પડી હોય એવું હું અનુભવી શકતો નથી. ''જીવન જીવન''ની ખાલી બૂમો પાડવાથી તે કદી પણ પામી શકાવાનું નથી. જીવન પામવાને માટે

તો ભારે તપશ્ચર્યાની જરૂર છે. **તપ કરવાનો તેવો ઉમળકો કોઈ સ્વજનના દિલમાં હું નિહાળી શકતો નથી.**

ત્યાં ભલા, તમે બધાં નીકળ્યા હતાં શું કરવા ? કોણે તમને બોલાવ્યાં હતાં ? અને **જો તમે તમારી મેળે આવ્યાં છો, તો જે કામ કરવાને માટે આવ્યાં છો તેને માટે સાવધ થાઓ. જીવન-વિકાસ તો માંગી લે છે આકરામાં આકરો, ઊંચામાં ઊંચી કોટિનો પ્રચંડ પુરુષાર્થ.** જીવન-વિકાસ એ કાંઈ રસ્તામાં પડેલું અથડાતું અફળાતું કોઈ ફૂલ નથી કે નીચા વળીને લઈ લઈએ. એ તો મળતા જેવું લાગે ત્યારે પણ પાછું ઊડીને આઘે કેવી ભભકદાર રીતે આકર્ષણ પમાડીને આપણને આકર્ષ્યા કરતું હોય છે ! આવા પ્રકારનો જીવન-વિકાસ પામવાને માટે વણનોતર્યા તમે બધાં મારી પાસે આવ્યાં છો ને જીવનનો ઘાટ ઘડવાનો અધિકાર તમે બધાંએ પ્રેમથી મને સોંપ્યો છે. ઘાટ કેમ કરીને યોગ્ય રીતે ઘડી શકાય તેનો નિર્ણય તો પ્રભુકૃપાથી મારે કરવાનો હોય. અનેક વેળા મેં જાતે ખાતરી કરી કરીને અનુભવ્યું છે કે જીવન-વિકાસને માટે આમ કરવાની કે તેમ કરવાની કોઈ જીવને સૂચના કરી હોય તેમાં પણ તેવા કોઈ જીવને પ્રેમભક્તિથી અને દિલના ઉમળકાથી કોઈ જાતનાં વલણો જન્મવા દીધા વિના તેને ઉમળકાથી સ્વીકારી લીધું હોય, એવું હજી સુધી અનુભવવામાં આવ્યું નથી. આવી હકીકત એ જરૂર જીવનની કમનસીબી છે.

આપણી ખરેખરી તૈયારી પ્રગટેલી નહીં હોવા છતાં મનની તુમાખી અને તરંગો નિહાળતાં આપણો જીવ કેવો પામર છે - પોતાને થવું છે કંઈક, પણ કરવું નથી કંઈ જ, એવી આપણી દશા છે — એમ જોઈને ઘણો ખેદ થાય છે. **માનવી પોતાને અમુક કરવું છે એમ કહે ખરો; પણ તેમ કરવામાં પણ તેનું દિલ પ્રગટેલું પ્રભુકૃપાથી હું જોઈ શકતો નથી. પોતાને થવું છે તો સંપૂર્ણપણે  સ્વચ્છ. તેમ છતાં દુર્ગંધથી ભરેલા એવા કાદવકીચડમાં અવારનવાર રગદોળાયા કરે છે ને વળી પાછો તે પોતે સ્વચ્છ હોવાનું ગુમાન ધરાવે છે.** આ બધું જ્યારે પ્રભુકૃપાથી નિરખાય છે ત્યારે **મને મારા ગુરુમહારાજ યાદ આવે છે. તેમણે મને કૃપા કરીને દંડો આપવાનું કર્યું હતું, પરંતુ મેં મૂર્ખાએ તે સ્વીકાર્યો જ નહીં. પોતે જરૂર સાચા હતા અને હું પોતે તે ન સ્વીકારવામાં ખોટો હતો. તે દંડો પ્રભુકૃપાથી જ મારી પાસે હોત તો મળેલાંની તુમાખીને દંડા મારી મારીને વિખેરી શકત.** પરંતુ આવા પ્રકારની, જુદા પ્રકારની તુમાખી તોડવાને માટે દંડો એકલો બસ નથી. નકામા નકામા મારી પાસે કોઈ ન આવત એ પણ ઉત્તમ થાત. આ તો લોક આવ્યા છે પોતાની મેળે, કરવું તો કશું નથી ! **પોતાનાં મનાદિકરણને પાંશરાં કરવાનું તો નેંવે મૂક્યું છે ! તેના કરતાં એ તેમનાથી કરી વિશેષમાં વિશેષ જે ત્રાસ મને થાય છે તે તો બધાં સ્વજન તેમનાં મનાદિકરણને બગાડતાં રહે છે, તેથી અનેક પ્રકારના મળ, વિક્ષેપ અને આવરણને હઠાવવાનાં છે. ત્યાં તેઓ તેમાં ઉમેરો જ કરતાં રહે છે !** કોઈનામાં કોઈક સમજણ, માન્યતા, મતાગ્રહ વગેરે વગેરે કંઈક મોળું પડવાનું થાય, ત્યાં તેને ઠેકાણે બીજા પ્રકારનું એવું પ્રગટે છે કે તેની પકડ પાછી જામતી જાય છે. જૂનું જાય અને નવું આવે ને તે પણ ઘર કરી ન બેસે તેની પણ ઘણી કાળજી રાખવાની હોય છે.

**સ્વજનનાં મનાદિકરણની રમત પ્રભુકૃપાથી જ્યારે જ્યારે નજર સમક્ષ પ્રવર્તે છે, ત્યારે તેમાં નથી જોઈ શકતો દિલનો થનગનતો પ્રેમભાવ કે નથી જોઈ શકતો કોઈ પ્રકારની નિર્ણયશક્તિ કે નથી પરખાતી જીવનને ઉન્નત કરવાની સાચી ધગશ. આવું બધું મારાથી સહેવાતું નથી. આ તો જાણે કે તમે મને સુખ આપવાને બદલે ભારે ત્રાસ આપી રહ્યાં છો.** ને પાછું તેનું પણ તમને ભાન હોતું નથી કે થતું નથી. **આપણે પોતાની મેળે થઈને કોઈક સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા તો તે**

**સદ્‌ગુરુને આપણા વર્તનથી કરી, આપણી ભાવનાથી કરી, પૂર્ણ સંતોષ આપવાનો આપણો ધર્મ છે.** પણ તે તો બધું ક્યાંથી ઊડી જતું હોય છે. હજી તો જીવનને ઊંચે માર્ગે લઈ જવું છે એમ આપણે બોલીએ પણ લોકોના રાગદ્વેષ હજી તો પૂરેપૂરા મોળા પડેલા હું અનુભવી શકતો નથી. **ત્યાં મારે કરવું શું ? જડ પથ્થરની સાથે માથું અફાળતાં આપણને પોતાને જ માથામાં વાગવાનું છે, તેના જેવી આ હકીકત છે.**

**ખાલી ખાલી તુક્કા કર્યા કરવાથી જીવનને કદી પામી શકાતું નથી, તેટલું જ નહીં પણ એનાથી તો જીવન વેડફાઈ જતું હોય છે. ઉચ્ચ આદર્શ રાખીને તે પરત્વેના એક ડગલાને માટે પણ જો ઉમળકાથી આપણા દિલમાં ન્યોછાવર થઈ જવાની ભાવનાનું થનગનાટ કરતું નૃત્ય પ્રકટે તો જ આપણાથી કંઈક થઈ શકવાનું છે તેવું મને જરૂર લાગે છે.** સૂર્ય ઊગવાનો થાય છે, ત્યારે સૂર્યની પ્રભાનાં દર્શન થયા વિના રહેતાં નથી. તેવી રીતે મહાભિનિષ્ક્રમણ કરવાનું હોય કે થવાનું હોય તો તેની પૂર્વ તૈયારી રૂપે આપણાથી 'જે કંઈ પગરણ મંડાતાં હોય તેમાં તેનું વક્તવ્ય પ્રકટેલું અનુભવી શકાય તો જ સમજવું કે આપણા મનની સાચી ધગશ જીવનને ઉત્પન્ન કરવામાં પ્રગટેલી છે. આપણાથી ભરાતા નાનામાં નાના ડગલામાંથી આપણને પરખાઈ આવવું ઘટે કે તે ડગલું ભરવામાં આપણી મનાદિકરણની સ્થિતિ કેવી કેવી પ્રગટેલી રહે છે. તેવી તેવી તે તે પળેપળનું માપ કાઢવાનું શીખો. જો આમ આપણે નહીં કરતા રહીએ તો આપણે પૂરો ભવાડો કરીશું. આ માર્ગ કંઈ હાંસીખેલ નથી. તે આપણે હવે કેવી કેવી રમત રમીએ છીએ, તેનું પણ પૂરેપૂરું ભાન ન જાગી શકતું હોય તો આપણે પોતાને જ છેતરી રહ્યાં છીએ તે નક્કી પ્રમાણવું. આપણે તો સુગંધીદાર ફૂલોની સુવાસ પળેપળ લેવાનું કરવું છે, અને અનેક પ્રકારની દુર્ગંધ પ્રગટે એવા મનાદિકરણના ખેલોમાં હજી તો આપણે અટવાઈ પડીએ છીએ.

પ્રભુકૃપાથી તમે જો મારાં ખરેખરાં સ્વજન હો તો, મારા આવા દિલના બળતાઝળતા બળાપાને કૃપા કરીને નીરખવાનું કરો. તેથી પણ જો તમે ચેતવાનું કરી શકો તો તે ભારે કૃપા થશે. આપણે જ્યાં જેમ જવું છે, ત્યાં તેમ જવાની તૈયારી ન કરી શકીએ, તૈયારી કરવાને બદલે આપણાથી નીચું જવાતું હોય, ને તેવું નીચું જવામાં પણ આપણને એવી રીતે નીચે ગયા કરવાની સભાનતા પણ ન પ્રગટતી હોય અને ત્યાં યુદ્ધ આપવાનું આપણાથી ન બનતું હોય, ત્યારે મારે આપણી જીવન પરત્વેની ભાવનાને કેવી રીતે સમજવી તે મને સમજાતું નથી. પ્રત્યક્ષ લક્ષણ વિના કંઈ પણ મારાથી માની શકાતું નથી. માટે કૃપા કરીને ઊઠો ! જાગ્રત બનો ! જાગીને ટટ્ટાર થાઓ ! ટટ્ટાર થઈને, કટિબદ્ધ થઈ વિચાર, વૃત્તિ અને વલણની સામે ભારેમાં ભારે સંગ્રામ પ્રગટાવો.

જીવનસાધનાના સંગ્રામ એ તો ખાંડાની ધારે ખેલવાના છે અને એ માગી લે છે ભારેમાં ભારે પુરુષાર્થ. એ પુરુષાતનનો ઉત્સાહ અનંત પ્રકારનો અને અનંત બળશક્તિનો છે. એમાં હવાતિયાં માર્યે કશું પ્રગટી શકે તેવું નથી. મારે તમને બધાંને ગભરાવવાં નથી, પરંતુ જે સાચું છે તે જ કહેવું છે. આપણે જે કરવાને માટે પ્રભુકૃપાથી મળેલાં છીએ, તે કરવાને માટે તમે જો સભાનતા ન જગાડી શકતાં હો, અને તેમાં તમારી હિંમત, ઉત્સાહ, કાળજી, ખંત અને ચીવટાઈ ન દાખવી શકતાં હો, અને તેવી તમારા દિલની ખેવના, ચીવટાઈ તમારામાં હોય જ નહીં તો આપણે તે નેવે મૂકી દેવું તેમાં સાચી પ્રામાણિકતા છે અને આપણે તે માર્ગનાં સ્વજન તરીકે નહીં, પરંતુ જેમ સામાન્ય પ્રકારનાં બીજા માનવી આ પ્રભુકૃપાથી મળે છે, તેમ તેવા એક સામાન્ય માનવી તરીકે રહીએ, તે આપણે માટે તેવી સ્થિતિમાં વધારે યોગ્ય છે.

***('જીવન પ્રેરણા અને જીવન દર્શન'માંથી)***

## ૮. 'મૌનમંદિર વિશે થોડુંક' — રતિલાલ મહેતા

**'હરિઃૐ આશ્રમ' (વીણેલાં અણઘડ મોતી)**

**પ્રશ્ન :** ''મૌન-એકાંત મંદિરો''થી શો લાભ થાય ?

**જવાબ :** જવાબમાં પૂ. શ્રીમોટા કહે **''મૌન-એકાંત''નો સમય મારે મન તો આ જીવ સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે.** જો તેવું ન થયું હોય તો તમારામાંનું કોઈ પણ મારી સાથે રહી શક્યું ન હોત. **પ્રત્યેક જીવનો મૌન-એકાંતનો કાળ મારે મન એક મોંઘા-મૂલો અને ફરી ન મળી શકે એવો અમૂલ્ય કાળ છે.**

(આ જીવ—એટલે. શ્રીમોટા તે તે જીવો—સાધકો)

**પ્રશ્ન :** ''જપ'' એટલે શું ?

**જવાબ :** ચેતનભાવનું સાતત્ય રહે તે **''જપ''** કહેવાય.

**પ્રશ્ન : 'મૌન-મંદિર' સ્થાપવાનો હેતુ કયો ?**

**જવાબ :** માણસ જ્યારે પ્રવૃત્તિમાં રત થયેલો હોય છે ત્યારે તે પોતાને વિશે, સ્વવિકાસ સંબંધે વિચારી શકતો નથી, એટલો બધો તે બહિર્મુખ હોય છે. જો તે અંતર્મુખ બને તો જ પોતાના વિશે વિચારવાનું બની શકે; એ હેતુથી મેં આ મૌનમંદિરની સ્થાપના કરી; કેમ કે મેં તે અનુભવેલું છે.

હાલના સમયમાં દરેક માણસને સંસારમાં રહીને અંતર્મુખતા કેળવવા સાધન-સંજોગો પ્રાપ્ત થાય તેટલા વાસ્તે આ મૌન-મંદિર બનાવ્યાં. **આત્મવિકાસ માટે અભય, નમ્રતા, મૌન અને એકાંત આટલું અનિવાર્ય છે.**

**પ્રશ્ન :** 'મૌન મંદિર' સ્થાપવાનો વિચાર કેવી રીતે ઉદ્‌ભવ્યો ?

**જવાબ.** ગુરુમહારાજે મને માનવસેવા કરવાનું કહ્યું અને પ્રેમથી કહ્યું છે તેમ માનીને ગુરુ મહારાજની અનુજ્ઞા લઈને કર્યુ. ગુરમહારાજે બદલો આપવાની જવાબદારી લીધા પછી મેં આ પ્રકારના મંદિરોની (આશ્રમોની) સ્થાપના કરી.

**પ્રશ્ન :** આવી અનોખી યોજના આપને કેવી રીતે પ્રાપ્ત થઈ ?

**જવાબ : 'સ્વાનુભવ'**થી આ યોજના પ્રાપ્ત થઈ. અભય, મૌન અને એકાંત - આ સાધનાનાં જરૂરી અંગો છે. સંસારી માણસો જંગલોમાં જાય નહીં જાય; એટલે સગવડ સાથે સાધન પૂરું પાડવાનો તે દ્વારા પ્રભુકૃપાએ પ્રયત્ન થયો છે.

**પ્રશ્ન :** નદીકિનારે શહેરથી દૂર એકાંતમાં આશ્રમો કરવાની કોઈ ખાસ વિશિષ્ટતા ખરી ?

**જવાબ :** દરેક આશ્રમ તપોભૂમિ ઉપર આવેલાં છે. જળરાશિ વિચારોનાં ઉગ્ર આંદોલનને, જળતત્ત્વને લીધે મોળાં પાડે છે અને તેથી શાંતિ લાગે છે - ''મનને'' - શહેરથી દૂર હોય એ ખાસ જરૂરી છે. શુચિ અને શુદ્ધિ તેને લીધે જળવાઈ રહે છે.

[સંતની સમાધિ (કુંભકોણમ્).
કબીરપંથી સાધુમાં (નડિયાદ) અને
તપોભૂમિ (કુરુક્ષેત્ર)સુરતમાં.]

**પ્રશ્ન :** ''મૌન-એકાંતનો'' હેતુ શો ?

**જવાબ :** ''મૌન-એકાંતનો હેતુ લગની લગાડવાનો છે.'' એમ કહેવાય. સાધનામાં વધુ એકાગ્રતા, કેન્દ્રિયતતા પ્રાપ્ત થાય તે કાજેનો છે. કોમળ ઉચ્ચ ભાવનાઓ પ્રગટાવવાનો છે. (ટૂંકમાં) જેનો 'માંહ્યલો' જાગે તેને પછીથી પાછળ જોવાનું નથી. **'લગની એક વાર લાગી જવી જોઈએ.**

**પ્રશ્ન :** સાધના માટેનો શ્રેષ્ઠ સમય કયો ?

અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર

## ૯. ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ

**(૧) હૃદયસ્થ પ્રભુદાસ ડી. જાની નિધન : ૩૦-૮-૨૦૨૫**
**પૂર્વ ટ્રસ્ટી, હરિવાણી અને પૂર્વ સંપાદક હરિભાવ**

પ્રભુદાસના નામ તેવા ગુણ. પ્રભુના દાસ એટલે કે પૂજ્ય શ્રીમોટાના દાસ. હાલતા, ચાલતાં, ઊઠતાં, બેસતાં સતત તેઓનું હરિઃૐનું સ્મરણ કરતા હોય અને આપણે તેમના ઘરે જઈએ તો તેઓની સાથે પૂજ્ય શ્રીમોટાની વાતો જ સાંભળવા મળે. આપણે બીજી વાત કરવા જઈએ તો તે તેમાંથી થોડીવાર રહીને પાછા મોટાની વાત ઉપર જ આવી જાય.

મારે હરિઃૐ ગુંજનના મૅગૅઝિન માટે ઘણી વખત તેઓનું કામ પડતું ત્યારે તેઓ તરત જ પૂજ્ય શ્રીમોટાની જે વાત આપણે પૂછી હોય તેના સંદર્ભમાં તરત જ આગળ વાત કરતાં અને મને જે માહિતી જોઈતી હોય તેનો તરત જ ઉકેલ મળી જતો. એટલે કે તે પૂજ્ય શ્રીમોટાનાં વાતોના, પુસ્તકના સંદર્ભ હોય કે અન્ય જૂના સ્વજન હોય તેની વાત પૂછીએ એટલે તરત જ તેના વિષે અતઃ થી ઈતિ કહી દેતા.

હું પ્રભુદાસભાઈને સૌ પ્રથમ હૃદયસ્થ મનસુખભાઈના (પૂર્વ ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ) પરિચયમાં આવ્યો ત્યારબાદ ઓળખતો થયો. અમો ઘણી વખત મનસુખભાઈ જોષીના વરખડના આશ્રમમાં સાથે ગયેલા. આમ અમો ખૂબ જ નજદીક અતરંગ વર્તુળમાં પહોંચી ગયા.

તેઓ જણાવતાં કે પૂજ્ય શ્રીમોટા પાસે જઈએ એટલે અમે તેઓના પગ દબાવવા બેસી જતાં. તેલ માલિસ કરતાં. પૂજ્ય શ્રીમોટાને પીવા માટે ચા આપી હોય તો સૌ પ્રથમ તેઓ એક ઘૂંટડો પીતા અને પછી અમને તેમની રકાબીમાંથી જ ચા પીવડાવતા અને અમે હોંશે હોંશે પીતા.

પ્રભુદાસભાઈ જણાવતાં કે પૂજ્ય શ્રીમોટા સદેહે હતા ત્યાં સુધી અમે ભગવંતને ઓળખી શક્યા નહીં. પરંતુ જ્યારથી સ્વજનોનો સંપર્ક વધ્યો, તેમજ શ્રી રમેશભાઈ ભટ્ટ સાથે હરિભાવની કામગીરીમાં જોતરાયા ત્યારપછી પૂજ્ય શ્રીમોટાના પુસ્તકો ફરજિયાત રીતે વાંચવા પડતા અને તેમાંથી લેખ તૈયાર કરવા પડતાં. આમ આ કામગીરીના કારણે તેઓ ઘણા બધા સ્વજનોના સંપર્કમાં આવતા અને તેઓના અનુભવો સાંભળતા અને પછી લખી લેતા અને સ્વજનની સહી પણ લેતા. જેથી તે લખાણ આધારભૂત થતું. આમ તેઓ હરિભાવના સંપાદનને કારણે પૂજ્ય શ્રીમોટાને અંતરથી સમજી શક્યા તેવું મારું સ્પષ્ટ માનવું છે.

તેઓ સ્વભાવે ખૂબ જ દૃઢ મનોબળવાળું વ્યક્તિત્વ ધરાવતા હતા.

પૂજ્ય શ્રીમોટા તેમના આત્માને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી હૃદયથી પ્રાર્થના.

(૨) અમદાવાદ નિવાસી સ્વ. મહેન્દ્રભાઈ રમણલાલ દોશીનો દેહોત્સર્ગ તા. ૨૭-૮-૦૨૫ના રોજ થયેલ છે.

(૩) અમદાવાદ નિવાસી સ્વ. નયનાબેન ધીમંતભાઈ ત્રિવેદી કે જે રાજેન્દ્રભાઈ રાવળના સાળાવેલી તથા મોક્ષદાબેનના ભાભી થાય તેઓ ૩-૯-૨૦૨૫ના રોજ કૈલાસવાસી થયેલ છે.

**The Bombay Public Trust Act, 1950**
**Schedule VIII (Vide Rule 17 (1)**

**Name of the Public Trust : HARI OM ASHRAM, NADIAD**
**Trust Registration Number : E/1301/KAIRA** **Registration date :- 30th March 1962**
**Address : HARI OM ASHRAM, Post Box No.74, Nadiad - 387 001**

**Balance Sheet as at 31st March, 2025**

| Funds and Liabilities | Rs. | Rs. | Property and Assets | Rs | Rs. |
|---|---|---|---|---|---|
| **Trust Funds or Corpus** | | | **Movable & Immovable Properties** | | |
| Balance as per last Balance Sheet | 98,20,858 | | Balance as per last Balance Sheet | 1,61,43,155 | |
| Add : Addtion during the year | - | 98,20,858 | Additions during the year | 3,23,960 | |
| | | | Less : Assets Discard | - | 1,64,67,115 |
| **Other Earmarked Funds** | | | **Investments** | | - |
| (Created under the provisions of the trust deed or scheme or out of the | | | **Loans: (Secured or unsecured )** | | |
| Earmarked fund(as per Schedule-A) | 1,63,33,754 | | Loan Scholarships | - | |
| Depreciation Fund(as per Schedule-E | 86,92,286 | | Other Loans | - | |
| Sinking Fund | - | | | | |
| Reserve Fund | - | | **Advances** | | |
| Any Other Fund | - | 2,50,26,040 | To Trustees | | |
| | | | To Employees | | |
| **Loans (Secured or Unsecured)** | | | To Contractors | | |
| From Trustees | - | | To Lawyers | | |
| From Others | | - | To Others- (As per Schedule-C) | 18,18,993 | 18,18,993 |
| **Liabilities** | | | **Income Outstanding :** | | |
| For Maun Room Deposit | 2,51,051 | - | Rent | | - |
| | - | 2,51,051 | Other Income | | - |
| For Sundry Credit Balances | 24,780 | | | | |
| Provisions- TDS | - | 24,780 | **Cash & Bank Balances** | | |
| | | | Current A/c or Fixed Deposit & Saving Accounts | 2,61,06,690 | |
| | | | In F.C.R.A account no. | - | |
| | | | Cash on hand (As per Schedule- D) | 5,651 | 2,61,12,341 |
| **Income & Expenditure Account** | | | **Income & Expenditure account** | | |
| Balance as per last Balance Sheet | 74,13,958 | | Balance as per last Balance Sheet | - | |
| Add.: Surplus/Less :Deficit | | | Add.: Deficit/(Less) :Surplus | - | |
| as per Income & Expenditure A/c | 18,61,762 | 92,75,719 | as per Income & Expenditure A/c | | - |
| **Total** | | 4,43,98,449 | **Total** | | 4,43,98,449 |

As per my report of even date -

* Income Outstanding (if A/cs. are kept on cash basis)

The above Balance Sheet to the best of our belief contains true account of the Funds and Liabilities and of the Property and Assets of the trustee.

**For M.R.Pandhi & Associates**
**Chartered Accountants**
**Firm Registration Number : 112360W**
Address: C-1108, The First, Near Keshavbaug Party Plot, Beside ITC

**A.R.Devani**
**Partner**
**Membership No: 170644**
**UDIN - 25170644BMHGKG1200**
**Ahmedabad, August 31, 2025**

M.R.PANDHI & ASSOCIATES CHARTERED ACCOUNTANTS FRN-112360W AHMEDABAD

**For Hariom Ashram Nadiad**
**Jitendra Amin**
Hari Om Ashram, Post Box No.74, Nadiad - 387 001
Trustee

Managing Trustee
Hari Om Ashram
Nadiad-387001

**Nadiad, August 31, 2025**

**The Bombay Public Trust Act, 1950**
**Schedule IX (Vide Rule 17 (1)**

**Name of the Public Trust : HARI OM ASHRAM, NADIAD**
**Trust Registration Number : E/1301/KAIRA** **Registration date :- 30th March 1962**
**Address : HARI OM ASHRAM, Post Box No.74, Nadiad - 387 001**

**Income & Expenditure Account for the year ending on 31st March 2025**

| Expenditure | Rs. | Rs. | Income | Rs | Rs. |
|---|---|---|---|---|---|
| **To Expenditure in respect of properties** | | | **By Rent** | | |
| Rent, taxes, cesses | | 13,662 | Accrued | - | |
| Repairs and maintenance | | 1,59,561 | Realised | - | - |
| Insurance | | 19,486 | | | |
| Other expenses (Land Mehsul & Land Measurement Expenses) | | - | **By Interest** | | |
| | | | On F D R interest | 13,37,557 | |
| | | | On Saving A/c | 80,974 | |
| **To Establishment expenses** | | | | | |
| As Per Schedule-G | | 12,70,073 | **On Securities** | - | |
| | | | **On Loans** | - | |
| To Remuneration to Trustees | | | **On Bank Accounts** | - | 14,18,531 |
| To Legal expenses | | - | | | |
| To Audit fees | | 36,000 | | | |
| To Contribution and fees | | 50,000 | | | |
| To Amounts written off | | | **By Dividends** | | |
| (a) Bad debts | | | | | |
| (b) Loan scholarships | | | **By Donations in cash or in kind** | | |
| (c) Irrecoverable rents | | | As Per Schedule-E | | 91,40,723 |
| **To Miscellaneous expenses** | | | **By Grants** | | |
| As Per Schedule-H | | 30,429 | | | |
| **To Depreciation** | | | **By Income from other sources** | | 9,700 |
| As per Schedue-B | | 9,65,638 | As Per Schedule-F | | - |
| **To Amounts transferred to reserve or specific funds** | | 52,50,000 | | | |
| **" Donation to Other trusts** | | - | | | |
| **To Expenditure on objects of the Trust** | | | | | |
| (a). Religious | - | | | | |
| (b). Educational | - | | **By Transfer from Reserve** | | |
| (c) Medical relief | | | | | |
| (d). Relief of poverty | - | | | | |
| (e) Other charitable objects | | | | | |
| (As Per Schedule-I) | 9,12,343 | 9,12,343 | | | |
| | | | **By Deficit carried over to** | | |
| **To Surplus carried over to Balance Sheet** | | 18,61,762 | **Balance Sheet** | | - |
| **Total** | | 1,05,68,954 | **Total** | | 1,05,68,954 |

As per my report of even date

**For M.R.Pandhi & Associates**
**Chartered Accountants**
**Firm Registration Number : 112360W**
Address: C-1108, The First, Near Keshavbaug Party Plot, Beside ITC Narmada Hotel, Vastrapur, Ahmedabad-380015. Ph. No. 40395890

**A.R.Devani**
**Partner**
**Membership No: 170644**
**UDIN - 25170644BMHGKG1200**
**Ahmedabad, August 31, 2025**


M.R.PANDHI & ASSOCIATES CHARTERED ACCOUNTANTS FRN-112360W AHMEDABAD

**For Hariom Ashram Nadiad**
**Jitendra Amin**
Hari Om Ashram, Post Box No.74, Nadiad - 387 001
Managing Trustee
Hari Om Ashram
Nadiad-387001 **Trustee**

**Nadiad, August 31, 2025**


- પૂજ્ય શ્રીમોટા


પૂજ્ય શ્રીમોટા ના ૧૨૮મો





























**(Printed Matter)**

**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL